૩સમો વાર્ષિક અહેવાલ

૨૦૦૮-૦૯

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ



ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. ગુજરાત.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

દસમો વાર્ષિક અહેવાલ

૨૦૦૮-૦૯

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No.....

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર,
નહેરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આયોગ ૨૦૦૩ના ગુજરાત વિદ્યુત અધિનિયમ
કલમ૧૦૫ અન્વયે જરૂરી ૨૦૦૮-૦૯ના નાણાકીય
વર્ષ માટેનો દસમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

સંજય નંદન અગ્રવાલ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિષય-સૂચિ

અધ્યક્ષ સ્થાનેથી		III
સંક્ષેપાક્ષર		V
૨૦૦૮-૦૯ની પ્રવૃત્તિ વિશેષતા		VI
૧.	આયોગનું વ્યવસ્થા માળખું	૧
૧.૧	આયોગ	૧
૧.૨	આયોગની કચેરી	૧
૧.૩	પૂર્વ જરૂરી સગવડો	૧
૧.૪	સ્ટાફ	૧
૨.	આયોગના કાર્ય	૩
૨.૧	આદેશ	૩
૨.૨	કાર્યો	૩
૨.૩	વિનિયમો	૪
૩.	વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ	૫
૩.૧	પ્રશુલ્કનો નિર્ણય	૫
૩.૨	ખુલ્લો પ્રવેશ	૧૦
૩.૩	અન્ય મુખ્ય આદેશો	૧૫
૩.૪	ધોરણો સ્થાપિત કરવા	૧૫
૩.૫	પીટિશનો અને અપીલોનો નિકાલ	૧૭
૩.૬	બહાર પાડેલા બીજા અગત્યના આદેશો	૧૮
૩.૭	૨૦૦૮-૦૯ દરમિયાન યોજાયેલા અગત્યના પરિસંવાદો/વર્કશોપ	૧૮
૩.૮	આંતર-રાજ્ય એ.બી.ટી.નો દરજ્જો	૧૯
૩.૯	લાઈસન્સ અરજીઓ	૨૦
૩.૧૦	તકરારો અને મતભેદોનો ન્યાય-નિર્ણય	૨૦
૩.૧૧	રાજ્ય સલાહકાર સમિતિ	૨૧
૩.૧૨	તાલીમ કાર્યક્રમ	૨૧
૩.૧૩	ફોરમની બેઠકો	૨૨
૩.૧૪	ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો	૨૨
૪.	વાર્ષિક હિસાબો	૨૩

જોડાણો

૧. આયોગનું આંતરિક માળખું ૨૫

૨. આયોગનો વ્યવસ્થા ચાર્ટ ૨૫

૩. આયોગે જાહેર કરેલ વિનિયમોની યાદી ૨૬

૪. ૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ પીટિશનોની વિગતો ૨૭

૫. ૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ અપીલોની વિગતો ૨૯

૬. ૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગતો ૨૯

૭. ૨૦૦૮-૦૯ દરમિયાન વિદ્યુત લોકપાલને મળેલી ફરિયાદોનો પ્રકાર ૩૦

૮. ૨૦૦૮-૦૯ દરમિયાન ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના હુકમો સામે વિદ્યુત લોકપાલ કચેરીને મળેલ રજૂઆતોની સંખ્યા ૩૦

અધ્યક્ષ સ્થાનેથી...

ભારતમાં વિધુત નિયંત્રક આયોગની સંસ્થાનું મૂળ ઉત્પત્તિ સ્થાન, કેન્દ્ર અને રાજયો ખાતે નિયંત્રક આયોગો માટે જોગવાઈ કરાયેલ ૧૯૯૮ના વિધુત નિયંત્રક આયોગ અધિનિયમ છે. આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે ગુજરાત સરકારે ૧૨મી નવેમ્બર,૧૯૯૮ના જાહેરનામાથી ગુજરાત વિધુત નિયંત્રક આયોગની રચના કરી. આયોગે ૧લી એપ્રીલ, ૧૯૯૯થી કામ કરવાનું શરૂ કર્યું. આયોગ, ગુજરાત વીજળી ઉદ્યોગ (પુર્નવ્યવસ્થા અને વિનિયમન) અધિનિયમની કલમ-૩(૧) અને પાછળથી ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૨ની જોગવાઈઓ અન્વયે રચાયેલ પ્રથમ આયોગ ગણેલ છે.

૨૦૦૩ના વીજળી અધિનિયમથી ગુજરાત વિધુત નિયંત્રક આયોગની જવાબદારીનું ક્ષેત્ર નોંધપાત્ર રીતે વ્યાપક બન્યું છે. પ્રશુલ્ક નિર્ણય ઉપરાંત અધિનિયમે વીજળી ક્ષેત્રનાં વૃદ્ધિ, કાર્યક્ષમતા, અર્થવ્યવસ્થા અને સલામતીને ઉતેજન આપવા તથા ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા પર્યાવરણલક્ષી વહનક્ષમતા ઊભી કરવાની જવાબદારીઓ / કાર્યો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને સોંપ્યા છે.

ગુજરાત નિયંત્રક આયોગ, આગલા વર્ષ દરમિયાન હાથ ધરાયેલ મુખ્ય પ્રવૃત્તિઓની રૂપરેખા આપતો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કરે છે. આ આયોગનો દસમો વાર્ષિક અહેવાલ છે.

૧૦ વર્ષનો સમય ગાળો કોઈપણ સંસ્થા માટે તેની આગલી કામગીરીનું મૂલ્યાંકન અને મહત્ત્વ પૂર્ણ પૃથકકરણ કરવા માટે ખૂબ લાંબો સમય ન ગણાય છતાં. આ તબક્કે હું દ્રઢતાપૂર્વક કહી શકું કે અમે, અમારા પ્રતિષ્ઠિત પુરોગામીઓએ ઊભા કરેલા મજબૂત પાયા પર ઊભા છીએ મારે આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષો, ન્યાયમૂર્તિ ડી.જી. કારિયા (૧૯-૪-૯૯ થી ૨૫-૧૧-૨૦૦૦), ન્યાયમૂર્તિ એસ.ડી.દવે (૦૪-૭-૨૦૦૧ થી ૩૦-૯-૨૦૦૨) અને શ્રી. જી. સુબ્બારાવ (૩-૫-૨૦૦૩ થી ૬-૧-૨૦૦૮) દ્વારા અપાયેલા નોંધપાત્ર ફાળા પ્રત્યે ઊંડી કદરદાનીની લાગણી અનુભવું છું.

આયોગના ભૂતપૂર્વ સભ્યોએ જેમ કે શ્રી બી.એન. ઓઝા, સભ્ય (નાણાં), શ્રી આર. કે. શર્મા સભ્ય (ટેકનીકલ), શ્રી કે.પી. ગુપ્તા, સભ્ય (નાણાં) અને શ્રી ડો. મનમોહન સભ્ય (ટેકનીકલ) પણ ઘણો ઉપયોગી ફાળો આપ્યો. આ મુદત દરમિયાન શ્રી જી.ડી.વ્યાસ, આઈ.એ.એસ., સ્વ. શ્રી એમ.ડી. માંકડ, આઈ.એ.એસ. અને શ્રી પી.એસ.શાહ, આઈ.એ.એસ. આયોગના સચિવો હતા. તેઓએ મજબૂત વહીવટી પાયો ઉભો કર્યો હતો, એટલું જ નહીં પરંતુ વિવિધ આદેશો અને વિનિયમોના મુસદ્દા તૈયાર કરવામાં ઘણું પાયાનું કાર્ય પણ કર્યું હતું.

વીજળી ક્ષેત્ર કોઈપણ રાજયના વિકાસ માટે મહત્ત્વ પૂર્ણ છે. ગુજરાત, વીજળી ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે અગ્રેસર છે હાલમાં રાજયની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા કેન્દ્ર સરકારના હિસ્સા સહિત ૧૧,૬૩૬ મે.વો. છે. રાજયે ૨૦૧૨ સુધીમાં કેન્દ્રના ૪,૬૧૦ મે.વો. હિસ્સા સહિત ૧૮,૭૬૪ મે.વો.ની વીજ ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવા વિચાર્યું છે.

છેલ્લા દાયકામાં આયોગે ૨૫ વિનિયમો પસાર કર્યા હતા. જેમાં વીજળી ક્ષેત્રને લગતા વ્યાપક શ્રેણીના વિષયો આવરી લેવામાં આવ્યાં હતા. આ ગાળા દરમિયાન મળેલ સંખ્યાબંધ પીટીશનો અને પ્રકીર્ણ અરજીઓ હાથધરી હતી.

આયોગના પ્રશુલ્ક હુકમો, પરવાનેદારો અને ગ્રાહકોના હિતોનું સંતુલન સાધવા વિચારાયેલ વીજળી અધિનિયમના અંતર્ગત સિદ્ધાંત પર આધારિત છે. આમ રોકાણકારોને વ્યાજબી વળતર અને તે જ વખતે ગ્રાહકો પર ભારે બોજો નિવારવાનું સુનિશ્ચિત કરતા બેવડા ઉદેશો સિધ્ધ કરે છે. સાથોસાથ પ્રશુલ્ક નકકી કરતી વખતે આયોગે, વીજળી ક્ષેત્રના સર્વાંગી વિકાસોને ધ્યાનમાં રાખેલ છે.

ગુજરાતમાં વીજળી ક્ષેત્રની રૂપરેખાનું આર્કષક લક્ષણો ગુજરાતના લોકોને પરવડી શકે તેવી અને ભરોસાપાત્ર વીજળી પૂરી પાડવાના વીજળી અધિનિયમના ચાવીરૂપ ઉદેશને હાંસલ કરવા ઉપરાંત સરકારી માલીકીની વીજ કંપનીઓ તથા ખાનગી ક્ષેત્રની વીજ કંપનીઓએ થાપણ વૃદ્ધિ અને વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

અધિનિયમની જોગવાઈઓ અનુસાર રાજય સલાહકાર સમિતિ અને રાજય સંકલનના ફોરમ ઘણીવાર વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવા મળે છે. રાજય સલાહકાર સમિતિના સભ્યો, આયોગની વિવિધ પહેલ, પગલાંની પાછળનું માર્ગદર્શક બળ ધરાવે છે. એ પણ નોંધનીય છે કે તમામ વીજ કંપનીઓ દ્વારા ફરિયાદોના નિવારણ માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની સ્થાપના કરવામાં આવી છે. તંત્ર વ્યવસ્થા સારી રીતે કામ કરે છે. આયોગે પણ વિદ્યુત લોકપાલની કચેરીની સ્થાપના કરી છે. જે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના નિર્ણયો સામેનું અપીલ તંત્ર છે.

(ડૉ. પી. કે. મિશ્રા)
અધ્યક્ષ

સંક્ષેપાક્ષરો

ABT	પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક
ARR	એકંદર મહેસૂલ જરૂરિયાત
CEI	મુખ્ય વીજળી નિરીક્ષક
CERC	કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ
CERS	ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી
CGRF	ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
CPP	કેપ્ટિવ વીજ પ્લાન્ટ
DGVCL	દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
FOIR	ભારતીય નિયંત્રક ફોરમ
FOR	નિયંત્રક ફોરમ
FPPPA	બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન
GEB	ગુજરાત વિદ્યુત બોર્ડ
GERC	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
GETCO	ગુજરાત વીજ પ્રવાહન નિગમ લિમિટેડ
GSECL	ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડ
GVVNL	ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
IIT	ભારતીય ટેકનોલોજી સંસ્થા
MNRE	નવીન અને નવીનીકરણ પાત્ર ઊર્જા મંત્રાલય
MGVCL	મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ
PGVCL	પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
PPA	વીજ ખરીદી સમજૂતિ
SLDC	રાજય વીજભાર રવાનગી કેન્દ્ર
TPL	ટોરન્ટ પાવર લિમિટેડ
UGVCL	ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

૨૦૦૮-૦૯ ની પ્રવૃતિ વિશેષતા

- ડૉ. પી. કે. મિશ્રાએ ૨ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.
- ૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ના નિયંત્રણ ગાળા માટે બહુવર્ષીય પ્રશુલ્ક (એમ.વાય.ટી.) અમલ અન્વયે પ્રશુલ્ક આદેશોનો પ્રથમ સેટ નીચેની વીજ કંપનીઓ માટે બાહર પાડવામાં આવ્યો હતો.
    - નં. ૯૩૯/૨૦૦૮ ટોરન્ટ પાવર લિમિટેડ માટે
    - નં ૯૪૩/૨૦૦૮ ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડ માટે
    - નં. ૯૪૪-૨૦૦૮ ગુજરાત વીજ પ્રવાહના નિગમ લિમિટેડ
    - નં. ૯૪૫-૨૦૦૮ ઉતર ગુજરાત વીજ નિગમ લિમિટેડ માટે
    - નં. ૯૪૬-૨૦૦૮ દક્ષિણ ગુજરાત વીજ નિગમ લિમિટેડ માટે
    - નં. ૯૪૭-૨૦૦૮ મધ્ય ગુજરાત વીજ નિગમ લિમિટેડ માટે
    - નં. ૯૪૮-૨૦૦૮ પશ્ચિમ ગુજરાત વીજ નિગમ લિમિટેડ માટે
- ૨ અપીલ અને ૨ પ્રકીર્ણ અપીલો સહિત ૩૨ પીટિશનોનો નિકાલ કર્યો.
- જામીન અનામત હુકમ (મુશ્કેલીઓની નાબૂદી) ૨૦૦૮ની બાબતમાં તા. ૧૧-૪-૨૦૦૮નાં હુકમ નં.૧-૨૦૦૮ બહાર પાડ્યો.
- તા. ૨૪-૧-૨૦૦૮ના નં. ૩૨૧૬૧/૨૦૦૭-૦૮ PVSE અને માર્ચ ૨૦૦૮/નં ૮૧૧/૨૦૦૭ - ૦૮ ISTના નવીન અને નવીનીકરણપાત્ર ઊર્જા મંત્રાલય ભારત સરકારના જાહેરતામાના હેતુસર, સૌર પાવર પ્લાન્ટના ગ્રીડ આંતર સક્રિય નિદર્શન માટે પ્રશુલ્કની બાબતમાં તા. ૨૨-૦૧-૨૦૦૯નો આદેશ નં. ૧/૨૦૦૯ બહાર પાડયો.
- વાર્ષિક હિસાબો અને વાર્ષિક અહેવાલ પ્રદર્શિત કર્યા અને રાજ્ય વિધાન સભા સમક્ષ ફેબુઆરી, ૨૦૦૯માં રજૂ કર્યા.
- વિવિધ બેઠોકો નીચે મુજબ યોજવામાં આવી
    - (ક) રાજય સલાહકાર સમિતિ ૭-૧૦-૨૦૦૮ અને ૧૭-૨-૨૦૦૯
    - (ખ) રાજય સંકલન ફોરમ ૮-૧૦-૨૦૦૮
    - (ગ) ગુજરાત ફરિયાદ નિવારણ ફોરમ સાથે બેઠોકો ૨૧-૧૦-૨૦૦૮
- વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાત
    - (ક) કુ. ટેરિસા વિલિયમ, યુનાઈટેડ સ્ટેટસ એનર્જી એસોસિયેશન (યુ.એસ.ઈ.એ.) ડેલિગેશનના વડાએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મુલાકાત લીધી અને નવીનીકરણ પાત્ર ઊર્જા અંગેના વિવિધ પ્રશ્નો પર ચર્ચા કરી.
    - (ખ) શ્રી એસ.આઈ.લોગંકુમેર, અધ્યક્ષ, નાગાલેન્ડ વીજ નિયંત્રક આયોગે તા. ૬-૩-૨૦૦૯ના રોજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મુલાકાત લીધી. સ્ટાફ ઢાંચો, વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો, પ્રશુલ્ક આદેશો, વિવિધ વિનિયમો જેવા વિવિધ વિષયો પર ચર્ચા કરી.

૧. આયોગનું વ્યવસ્થા તંત્ર

૧.૧ આયોગ

વર્ષની શરૂઆતમાં આયોગમાં બે સભ્યો હતા. શ્રી કે.પી. ગુપ્તા અને શ્રી. મનમોહન શ્રી ગુપ્તાએ. તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૧-૯-૨૦૦૮ સુધી આયોગના અધ્યક્ષનો હવાલો સંભાળ્યો હતો. ડૉ. પી.કે. મિશ્રાએ તા. ૨-૯-૨૦૦૮ અધ્યક્ષપદ સંભાળ્યું હતું. શ્રી કે. પી. ગુપ્તા તા. ૧૭-૨-૨૦૦૯ થી આયોગમાંથી નિવૃત્ત થયા હતા.

૧.૨. આયોગની કચેરી

૨૦૦૮-૦૯ દરમિયાન આયોગની કચેરીના વડા શ્રી પી.એસ.શાહ, આઈ.એ. એસ. સચિવપદે હતા કચેરી, નેપચ્યુન ટાવર, નહેરુબ્રિજ સામે, આશ્રમ રોડ, સાબરમતી નદીની નજીક અમદાવાદ ખાતે (ભાડાના મકાનમાં કામ કરતી હતી.

૧.૩ પૂર્વ જરૂરી સગવડો

કચેરીનું મકાન : આયોગ પીટિશન અને અપીલોની સુનાવણી માટે ખાસ કોર્ટ રૂમ સાથેની બેઠકો યોજવા કોન્ફરન્સ હોલ અને રેકર્ડ માહિતી તથા સાહિત્ય સુગમતાથી મળે તે માટે ગ્રંથાલય સાથેની સાધન સજ્જ કચેરી ધરાવે છે. આયોગ જરૂરી અદાલતી સંદર્ભો પ્રાપ્ત કરવામાં મદદ કરવા તે સુપ્રિમ કોર્ટ કેસોના ઓનલાઈન સિંગલ યુઝર લાઈસન્સ પણ ધરાવે છે.

સ્થાનિક વિસ્તાર નેટવર્ક અને વેબસાઈટ : આયોગની કચેરીની કોમ્પ્યુટર સિસ્ટમને એલ.એ.એન. મારફત જોડી છે. કોઈપણ સંદર્ભ માહિતી પ્રાપ્ત કરવા વેબસાઈટ **wwwgercin.org** છે. જેને આયોગનું સચિવ તંત્ર નિયમિત જાળવે છે અને અદ્યતન રાખે છે. આયોગની વેબસાઈટને વપરાશકર્તાઓ માટે વધુ મૈત્રીપૂર્ણ બનાવવા તાજેતરમાં ફરીથી તૈયાર કરવામાં આવી છે. સુનાવણી નિયત સમયપત્રકો, સમાચાર, અદ્યતન સામગ્રી, આદેશો મૂકવા તથા વિભાવનાના પેપર્સ અંગે અભિપ્રાયો મગાવવા, વિનિયમો, પીટિશનો, ટેન્ડરો, **RFP** અને ખાલી જગ્યાઓ અંગે જાહેરાત કરવા વપરાય છે. તેમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે માર્ગદર્શન આપે છે. વધુમાં વેબસાઈટ પર ડાઉનલોડ કરી શકાય તેવા ઢાંચામાં અધિસૂચિત વિનિયમો, આદેશો, અને અહેવાલો જેવી માહિતી પણ મળે છે.

૧.૪ સ્ટાફ

આયોગનો સ્ટાફ સીધી ભરતીથી કે કરાર કે પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્ત કરાય છે. જોડાણ-૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણા-૨ માં વ્યવસ્થા તંત્રનો ચાર્ટ દર્શાવ્યો છે. તા. ૩૧-૩-૨૦૦૯ના રોજ આયોગના અધિકારીઓ અને સ્ટાફની વિગતો પત્રક મુજબ છે.

ક્રમ નં.	કર્મચારીનું નામ	હોદ્દો
૧.	શ્રી પી.એસ.શાહ આઈ.એ.એસ.	સચિવ
૨.	શ્રી એમ.એન. ખલ્યાણી, જી.એ.એસ.	નાયબ નિયામક (વહીવટ અને હિસાબ)
૩.	શ્રી બી.એસ. જયસ્વાલ	સલાહકાર (કાનૂની) નિવૃત્ત જિલ્લા જજ
૪.	શ્રી બી.આર. જોષી	સલાહકાર ટેકનીકલ
૫.	શ્રી ડી.આર. પરમાર	સંયુક્ત નિયામક (ટેકનીકલ)
૬.	શ્રી એસ. આર. પાંન્ડે	કાનૂની સલાહકાર
૭.	શ્રીમતી એ.એસ.દાણી	નાયબ નિયામક (ટેકનીકલ)
૮.	કુ. સી.એન. ભટ્ટ	હિસાબી અધિકારી (વર્ગ-૧)
૯.	શ્રી ડી.આર. પરમાર	એક્ઝીક્યુટીવ
૧૦.	શ્રી ડી.ટી. શાહ	એક્ઝીક્યુટીવ
૧૧.	શ્રી એન.બી. પટેલ	એક્ઝીક્યુટીવ
૧૨.	કુ. ડી.એસ. મહેતા	એક્ઝીક્યુટીવ
૧૩.	શ્રી જિજ્ઞેશ મકવાણા	માહિતી ટેકનોલોજી સલાહકાર
૧૪.	શ્રી આર.પી. નાયર	અંગત મદદનીશ
૧૫.	શ્રી પી.આર. શશી	અંગત મદદનીશ
૧૬.	શ્રી બેબી વર્ગીસ	અંગત મદદનીશ
૧૭.	શ્રી આર.જી. પિલ્લાઈ	અંગત મદદનીશ
૧૮.	શ્રીમતી પી.એ. ક્રિશ્ચિયન	અંગત મદદનીશ

આ ઉપરાંત આયોગમાં પાંચ ડ્રાઈવર અને વર્ગ - ૪ના ચાર કર્મચારીઓ છે.

૨. આયોગનાં કાર્યો

૨.૧ આદેશ (મેન્ડેટ)

૨૦૦૩ના વીજળી અધિનિયમનું ધ્યેય વીજળીના ઉત્પાદન, પ્રવાહન, વિતરણ, વેપાર, અને ઉદ્યોગને લગતા કાયદાઓનું એકત્રિકરણ, સામાન્ય રીતે વીજળી ઉદ્યોગના વિકાસના વાહક પગલા લેવા, તેમાં સ્પર્ધાને ઉતેજન, ગ્રાહકોના હિતોનું રક્ષણ, તમામ વિસ્તારોમાં વીજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનું, વીજળી, પ્રશુલ્કનું સુયોજન આર્થિક, સહાયકીને લગતી પારદર્શક નિતીઓ સુનિશ્ચિત કરવાનું કાર્યદક્ષ અને પર્યાવરણની દષ્ટિએ હિતકારક નીતિઓને પ્રોત્સાહન, કેન્દ્રિય વીજતંત્ર નિયંત્રક આયોગોની રચના તથા વીજળી માટે અપીલ પંચની સ્થાપના કરવાનું છે. ગ્રાહકો તેમજ વીજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા નિષ્પક્ષ સ્પર્ધાત્મક બજાર સંચાલિત વાતાવરણમાં વીજળી ક્ષેત્રના વિકાસને વાહક સક્ષમ માળખું ઉભું કરવાનું પણ તેનું ધ્યેય છે. આ સંદર્ભમાં, વીજળી અધિનિયમમાં વિચારાયેલ ઉદ્દેશો સાકાર કરવા આયોગની ભૂમિકા સૌથી મહત્વની છે.

૨.૨ કાર્યો

૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૮૬ અનુસાર, આયોગને નીચેના કાર્યો હાથ ધરવા આદેશ આપ્યો છે.

(ક) રાજયની અંદર જથ્થાબંધ મોટા જથ્થામાં કે છુટક જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવાહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું.

(ખ) રાજયની અંદર વીજ ઉત્પાદન કંપનીઓ કે પરવાનેદારો પાસેથી અથવા વિતરણ અને પુરવઠા માટે વીજ ખરીદીની સમજૂતિઓ મારફત બીજાં સ્ત્રોતોમાંથી જે ભાવે વીજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા નિમંત્રિત કરવી.

(ગ) આંતર રાજય વીજ-પ્રવાહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવાહન પરવાનેદારો, વિતરણ પરવાનેદોરો અને વીજળીના વેપારીઓને રાજય તેમની કામગીરી સંબંધમાં કામકરવા માગતી વ્યક્તિઓને લાઈસન્સો આપવાં.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહઉત્પાદન અને ઉત્પાદનને તથા કોઈપણ વ્યક્તિને વેચાણ માટે પ્રોત્સાહન આપવું અને આવાં સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ લાઈસન્સના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી પણ નક્કી કરવી.

(છ) પરવાનેદારો અને વીજઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારો અંગે ન્યાય નિર્ણય આપવો અને લવાદને કોઈ તકરાર અંગે પુછાણ કરવું.

(જ) અધિનિયમ હેતુસર ફી વસુલ કરવી.

(ઝ) અધિનિયમની કલમ-૭૯ની પેટા કલમ (૧)ના ખંડ અન્વયે કેન્દ્રિય વીજ નિમંત્રક આયોગ દ્વારા નિર્દિષ્ટ ગ્રીડ કોડ સાથે સુસંગત રાજય ગ્રીડ કોડ નિર્દિષ્ટ કરવો.

(ટ) પરવાનેદારોની સર્વિસની ગુણવત્તા સાતત્ય અને વિશ્વસનીયતા સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવા અને અમલમાં મૂકવા.

(ઠ) જરૂરી લાગે તો, વીજળીના આંતર રાજય વેપાર અંગે વેપારનો માર્જિન નક્કી કરવો.

(ડ) અધિનિયમ અન્વયે તેમને સોપવામાં આવે તેવા બીજાં કાર્યો બજાવવાં.

૨.૩ વિનિયમો

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૧૮૧ અન્વયે આયોગે સામાન્ય રીતે અધિનિયમની જોગવાઈઓ અમલમાં મૂકવા આયોગે અધિનિયમ સાથે સુસંગત વિનિયમો બનાવવાના છે. આયોગે જોડાણ-૩માં વિગત આપ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૨૫ વિનિયમો બહાર પાડયા છે.

૩. ૨૦૦૮-૦૯ દરમિયાન પ્રવૃત્તિઓ

૩.૧ પ્રશુલ્ક નક્કી કરવો.

રાજય વીજ ઉત્પાદન કંપની, રાજય પ્રવાહન વીજ કંપની ભૂતપૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડની વિતરણ કંપનીઓ (**UGVCL, MGVCL, PGVCL, DGVCL**) અને ટોરન્ટ પાવર લિમિટેડની પ્રશુલ્ક પીટિશન અંગે આયોગના તા. ૧૭-૧-૦૯ના આદેશો.

૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષોને સમાવિષ્ટ કરતા નિયંત્રણ સમયગાળા માટે બહુ વર્ષીય પ્રશુલ્ક (**MYT**) માળખા અન્વયે નીચેની વીજ કંપનીઓએ તેમની એકંદર મહેસૂલી જરૂરિયાતો માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ પોતાની પીટિશનો દાખલ કરી હતી.

૧. ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડ (**GSECL**)

૨. ગુજરાત વીજળી પ્રવાહન નિગમ લિમિટેડ (**GETCO**)

૩. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (**UGVCL**)

૪. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (**DGVCL**)

૫. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (**MGVCL**)

૬. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (**PGVCL**)

૭. ટોરેન્ટ પાવર લિમિટેડ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને પ્રસ્તુત નિયમો તથા વિનિયમો અન્વયે કરાવેલ કાર્યપધ્ધતિ લક્ષમાં રાખીને પીટિશનો તપાસી હતી. આયોગે, વીજ કંપનીઓની પીટિશનો પર જાહેર જનતા અને હિતધરાવનાર પાસેથી અભિપ્રાયો મંગાવ્યા હતા અને ૧૦-૧૨-નવેમ્બર ૨૦૦૮ના રોજ લોક સુનાવણી યોજી હતી ૯૬ હિતસંબંધીઓ પાસેથી સૂચનો અને વાંધા મળ્યા હતા. આ સુનાવણીમાં અનેક વ્યક્તિઓ, વેપારી મહામંડળ, ઔધોગિક, એસોસિયેશનો અને ગ્રાહક તંત્રો જેવાં વેપારી એસોસિયેશનોએ ભાગ લીધો હતો અને પોતાનાં મંતવ્યો રજૂ કર્યા હતાં. આયોગે ૧૭મી જાન્યુઆરી ૨૦૦૯ના રોજ ઉપરની પીટિશનો અંગે તેના આદેશો બહાર પાડ્યા હતા.

આદેશોના કેટલાક અગત્યનાં પાસા નીચે આપ્યા છે.

૩.૧.૧ ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડ (**GSECL**)

ગુજરાત રાજય વીજ કંપની લિમિટેડ (**GSECL**) એ રાજયની માહિતીની ગુજરાતની વીજ ઉત્પાદન કંપની છે અને રાજયમાં વીજ પરવાનેદારો માટે મુખ્ય વીજળી સ્ત્રોત છે.

(ક) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે ગુ.રા.વી. નિગમ લિમિટેડના ૨૦૦૭-૦૮નાં વીજળીનું ઉત્પાદન ૨૯.૪૦૦ **MU** હતું. જેમાં વિવિધ વીજ મથકોમાંથી ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧નાં વર્ષો દરમિયાન અનુક્રમે ૩૦.૪૭૬ **MU** ૩૨.૮૨૦ **MU** અને ૩૩.૮૩૧ **MU** સુધીના વધારાને મંજુરી આપી હતી.

(ખ) આયોગે, **MYT**ની મુદત માટે, સિક્કા ખાતે ૫૦૦ મે.વો. ક્ષમતાનો વધારો, ઉતરાણ ખાતે ૩૫૦ મે.વો. ક્ષમતાનો વધારો, અને ઉકાઈ ખાતે ૫૦૦ મે.વો. ક્ષમતા વધારો તથા ગુજરાત વિદ્યુત નિગમ લિમિટેડ વિવિધ પ્લાન્ટની મરામત અને જાળવણી સહિત રૂા. ૬,૧૦૭,૧૧ કરોડનું મૂડીખર્ચ પણ મંજૂર કર્યું હતું.

(ગ) આયોગે, ગુ.રા.વી.નિ. લિમિટેડ દ્વારા દરખાસ્ત કરાયેલ રૂા. ૧,૭૭૫ કરોડની સામે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે રૂા. ૧,૭૩૮ કરોડના નિયત ખર્ચને મંજૂરી આપી હતી.

(ઘ) યુનિટ દીઠ વીજ ઉત્પાદનનું સરેરાશ ખર્ચ રૂા. ૨.૩૭ મંજુર કર્યું હતું. જેમાં નિયત ખર્ચ તરીકે યુનિટ દીઠ રૂા. ૦.૬૪ અને પરિવર્તી ખર્ચ તરીકે રૂા. ૧.૭૩ નો સમાવેશ થાય છે.

૩-૧-૨ ગુજરાત વીજળી પ્રવાહન નિગમ લિમિટેડ

જેટકો રાજય પ્રવાહન વીજકંપની છે, જે રાજયમાં મુખ્ય EHV નેટવર્કની માલિકી ધરાવે છે. અને તેનું સંચાલન કરે છે. જેટકો ૪૦૦ કે.વી. લાઈન્સ (૯૮.૩૭%) ૨૨૦ કે.વી. લાઈન્સ (૯૮-૮૦%) ૧૩૨ કે.વી. લાઈન્સ (૯૮.૮૮%) ૬૬ કે.વી. લાઈન્સ (૯૯.૫૮%) અને પેટા મથકો (૯૯.૮૩%) સંબંધમાં ૯૮% કરતાં નોંધપાત્ર ઊંચા તેના નેટવર્કની એકંદર પ્રાવ્યતા સાથે ઉચ્ચ વિશ્વસનીયતા સ્તરે તેની પ્રવાહન સિસ્ટમનું સંચાલન કરે છે.

આયોગના આદેશથી, ૨૦૦૭-૦૮ દરમિયાન દૈનિક મે.વો. દીઠ રૂા. ૨,૫૧૦ના પ્રવાહન ખર્ચમાં ઘટાડો કરીને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે દૈનિક મે.વો. દીઢ રૂા. ૨૪૧૦ કર્યા હતા. આગલા વર્ષની ૪.૩૫% ની સરખામણીમાં મંજુર કરેલ પ્રવાહન દર ૪.૦૯% નિયત કરી છે. ઘટનું સ્તર પશ્ચિમી વિભાગના (૫%)ના હાલના ઘટતા સ્તર કરતાં નીચું છે.

આયોગે નવી પ્રવાહન લાઈન્સ પેટા મથકો અને નવીનીકરણ, આધુનિકરણ અને પ્રવાહન સિસ્ટમની વૃદ્ધિ મારફત ક્ષમતા વધારા માટે ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના નાણાંકીય વર્ષો માટે અનુક્રમે રૂા. ૭૫૬ કરોડ, રૂા. ૧,૬૧૦ કરોડ અને રૂા. ૧,૪૩૫ કરોડનું મુડી ખર્ચ મંજુર કર્યુ છે. નિયંત્રણ સમય ગાળા દરમિયાન ૬૬ કે.વી.ના એકસો છેતાલીસ મથકો ૨૨૦ કે.વી.ના ચાર મથકો અને ૪૦૦ કે.વી.ના બે મથકો વધારવા વિચારાયું છે. આ ગાળા દરમિયાન સિસ્ટમમાં ૭૦૦૦ કિ.વી. પ્રવાહન લાઈનો વધારવામાં આવે તેવી ધારણા છે. સૂચિત વધારાથી પ્રવાહન સિસ્ટમ, પરંપરાગત સાધનો તેમજ ઊર્જાનાં નવીનીકરણ પાત્ર સાધનોમાંથી હાલના તેમજ નવી ક્ષમતામાં વધારો થવાથી થનાર તમામને પ્રવાહન કરવા સક્ષમ બનશે.

૩.૧.૩ વીજ વિતરણ કંપનીઓ

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ)

ગુજરાતમાં રાજય સરકારની માલિકીની ચાર વિતરણ કંપનીઓ છે. જેમ કે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ છે. આયોગે પુખ્ત વિચારણા પછી તા. ૧-૨-૨૦૦૯ થી પ્રશુલ્કમાં સીમાંત વધારાને મંજુરી આપી હતી, પરિણામે ચાર જાહેર ક્ષેત્રની વિતરણ કંપનીઓને પ્રશુલ્કમાંથી થતી આવકમાં ૧.૫% નો વધારો થયો હતો, જેમને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં વર્ષો માટે અનુક્રમે ૬.૧%, ૪% અને ૨% નો પ્રશુલ્ક વધારો માગ્યો હતો.

જાહેર ક્ષેત્રની વિતરણ કંપનીઓને સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માટે અનુક્રમે ૬%, ૪% અને ૨%ના પ્રશુલ્કમાં વધારાની માંગણી સામે આયોગે પુખ્ત વિચારણાને અંતે તા. ૧-૨-૨૦૦૯ થી પ્રશુલ્ક વધારાને મંજૂરી આપી હતી. જેથી જાહેર ક્ષેત્રની વિતરણ કંપનીઓને પ્રશુલ્કમાંથી થતી આવકમાં ૧.૫%નો વધારો થશે.

ગ્રાહકોના હિતમાં, આયોગે પ્રશુલ્ક વધારો જાહેર કર્યો હતો જેથી પશ્ચાતવર્તી અસર થશે નહી. ૨૦૦૮-૦૯ ના નાણાકીય વર્ષ માટે સૂચિત સરેરાશ મહેસૂલી જરૂરિયાત અને આયોગ દ્વારા સરેરાશ મહેસૂલી જરૂરિયાતની વિગતો

ક્રમ નં.	વીજવિતરણ કંપનીનું નામ	વીજવિતરણ કંપની દ્વારા સૂચિત સરેરાશ મહેસૂલી જરૂરિયાત	આયોગ દ્વારા મંજુર કરેલ સરેરાશ મહેસૂલી આવક	મંજુર કરેલ અંદાજિત ગાળો (રકમ કરોડમાં)	
				સૂચિત	મંજુર કરેલ
૧.	દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ	૩૯૬૦.૮૧	૩૭૫૮.૧૬	૨૩૪.૦૬	૪૫.૬૯
૨.	મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ	૨૩૨૩.૩૯	૨૨૩૧.૫૭	૧૬૩.૩૮	૭૪.૧૫
૩.	પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ	૫૦૭૧.૦૨	૪૭૯૦.૪૨	૪૩૮.૩૮	૨૧૮.૭૫
૪.	ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ	૩૬૧૫.૭૧	૩૫૧૯.૪૨	૨૮૯.૯૮	૨૧૯.૦૯

આયોગે પ્રશુલ્કમાં મંજુર કરેલા વધારથી રહેઠાણના અને વાણિજિયક ગ્રાહકોની વિશાળ બહુમતિને અસર થશે નહી. ચાર વિતરણ કંપનીઓના કુલ ૬૭.૫ લાખ રહેઠાણના ગ્રાહકોમાંથી ૬૫.૩ લાખ ગ્રાહકો (એટલે કે ૯૬.૭%) ને પ્રશુલ્કના વધારાની અસર થશે નહી તે જ પ્રમાણે ૮.૫ લાખ વાણિજ્યિક ગ્રાહકોમાંથી ૭.૦૦ લાખ ગ્રાહકોને પ્રશુલ્ક વધારાની (૮૨.૪%) અસર થશે નહી. આમ પ્રશુલ્કમાં નજીવા વધારાથી માત્ર ૫.૮૮% ગ્રાહકોને અસર થઈ શકશે.

ખુલ્લા પ્રવેશ માટે પ્રતિ સહાયકી સરચાર્જ યુનિટ દીઠ રૂા. ૧-૦૦ માંથી ઘટીને યુનિટ દીઠ રૂા. ૦.૫૧ થયો હતો. રાષ્ટ્રીય વીજ નિતીના ધોરણ પ્રમાણે ગરીબી રેખાથી નીચેના ગ્રાહકો માટે પરવાનેદારોએ દરખાસ્ત કર્યા પ્રમાણે નવા પ્રશુલ્ક પ્રકારને દાખલ કરવાની આયોગે છૂટ આપી હતી. વપરાશ માટે કિ. વો. કલાક દીઠ રૂા. ૧.૫૦ નો પ્રશુલ્ક દર માસિક ૩૦ કિ. વો. કલાક સુધી નિયત કર્યા હતાં.

પરવાનેદારો અને રાજય સરકારે સૂચવ્યા પ્રમાણે હાઈટેન્શન પુરવઠા માટે કૃષિવિષયક પ્રશુલ્ક (HTP.V) ના નવા પ્રકારને દાખલ કરવાની પણ આયોગે છૂટ આપી હતી. આ પ્રશુલ્ક કૃષિના હેતુસર સપાટી પરનાં પાણીમાં સાધનોમાંથી પંપ સિંચાઈ અંગે હાઈ ટેન્શન પુરવઠાને લાગુ પાડયું હતું. ગ્રાહક સંગઠનોની રજુઆતને આધારે આયોગે હાઈ ટેન્શન વપરાશના કેસની જેમ લૉ ટેન્શન વપરાશ માટે સંપૂર્ણ પણે રાત્રિ પુરવઠા પ્રશુલ્ક (LTP TV) ફરીથી દાખલ કરવાની છૂટ આપી હતી આમ છતાં હાઈ ટેન્શન અને લૉ ટેન્શન પ્રકારો એમ બંને માટે સંપૂર્ણપણે રાત્રિ પુરવઠા માટેના નિયત ચાર્જ રાબેતા મુજબના પ્રકારના પુરવઠો લાગુ પડતા દર નક્કી કરાયો હતો અને ઊર્જા ચાર્જ હાલના કિ. વો. દીઠ રૂા. ૨.૨૫ ના સ્તરમાં ઘટાડો કરીને કિ.વો. કલાક દીઠ રૂા. ૨.૦૦ કરવામાં આવ્યો હતો.

આયોગે કંપનીઓ દ્વારા ખર્ચનું નિયંત્રણ કરવાની દૃષ્ટીએ વિવિધ પારમિતિઓ માટે, ૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ માટે ટ્રેજેકટરિ આપી હતી. કંપનીઓએ ચુસ્તપણે અનુસરવાની જરૂરી નિયંત્રણ પાત્ર પારમિતિઓ સૂચવે છે કે, માન્ય પારમિતિઓમાં ફેરફારને પરિણામે થતું કોઈપણ વધારાનું ખર્ચ વિનિયમો દ્વારા માન્ય કરાવેલી રીતે કંપનીઓએ ભોગવવાનું રહેશે. પરવાનેદારોની વિતરણ ઘટમાં ઘટાડા અંગે સૌથી મહત્વની ટ્રેજેકટરિની મહેસૂલ પર મોટી અસર પડે છે. વિતરણ કંપનીઓ માટે નિયંત્રણ ગાળા માટે મંજૂર કરેલ વિતરણ ટ્રેજેકટરિ આ પ્રમાણે છે.

વિતરણ ઘટ ટ્રેજેક્ટરિ

ક્રમ નં.	વિતરણ કંપની નામ	વિતરણ ઘટ ૨૦૦૭-૦૮	વિતરણ કંપની દ્વારા સૂચિત વિતરણ ઘટ			આયોગે મંજુર કરેલ વિતરણ ઘટ ટ્રેજેક્ટરિ		
			૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧
૧.	દક્ષિણ ગુજરત વીજ કંપની લિ.	૧૫.૪૫%	૧૪.૪૫%	૧૩.૪૫%	૧૨.૪૫%	૧૪.૪૫%	૧૩.૪૫%	૧૨.૪૫%
૨.	મધ્ય ગુજરાત વીજ કંપની લિ.	૧૫.૮૬%	૧૫.૩૯%	૧૪.૮૯%	૧૪-૩૯%	૧૫%	૧૪%	૧૩%
૩.	પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.	૩૨.૮૦%	૩૦.૩૦%	૨૮.૩૦%	૨૬.૩૦%	૩૦%	૨૮%	૨૦%
૪.	ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.	૧૭.૩૧%	૧૬.૩૧%	૧૫.૩૧%	૧૪.૩૧%	૧૬%	૧૫%	૧૪%

પ્રશુલ્કની નિસ્બતમાં ફિક્સ ચાર્જમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ગ્રાહકોની કેટલીક શ્રેણીમાં એનર્જી ચાર્જમાં ૧૦ પૈસા સુધીનો નજીવો વધારો કરવામાં આવ્યો હતો. રહેઠાણ અને વાણિજ્યિક શ્રેણીના ગ્રાહકોમાં દર માસે ૨૦૦ કિ.વૉ કલાક જેટલો વપરાશ ધરાવતા ગ્રાહકોના એનર્જી ચાર્જમા કશો વધારો કરવામાં આવેલ ન હતો. આ આદેશના કારણે રહેઠાણના ૯૬% ગ્રાહકો અને વાણિજ્યિક શ્રેણીના ૮૨% ગ્રાહકોનાં પ્રશુલ્કમાં કોઈ વધારો થયેલ નથી.

પરવાનેદારોએ સૂચવેલી બળતણ ભાવ વીજળી ખરીદી સમાયોજન કોમ્યુલામાં આયોગે કોઈ ફેરફાર માન્ય રાખ્યો ન હતો. પરવાનેદારોએ માંગેલ **FPPPA** યુનિટ દીઠ વધારો મંજુર કરવામાં આવેલ નથી. વધુમાં નિયત ત્રિમાસ દરમિયાન **FPPPA** ની ગણતરી બાદ ૧૦ પૈસા કે તેથી વધુ યુનિટ દીઠ વધારો કરવાનો રહેતો હોય તો આયોગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

રાજ્ય વિતરણ કંપની માટે પ્રશુલ્ક

- કોઈપણ કક્ષાના ગ્રાહકો માટે નિયત ચાર્જમાં કશો વધારો નહી.
- કેટલીક કક્ષાના ગ્રાહકો માટે યુનિટ દીઠ ૧૦ પૈસા જેટલો વીજળીના ચાર્જમાં હળવો વધારો છે જે સરેરાશ વધારો વીજળીના યુનિટ દીઠ ૫ પૈસા છે.
- ૯૬% રહેઠાણ ગ્રાહકો અને ૮૨% વાણિજ્યિક ગ્રાહકોને પ્રશુલ્કમાં કોઈપણ વધારાની અસર થઈ નથી.
- બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન ફોર્મ્યુલામાં કોઈ વધારો નહીં, વધુમાં વધારાનો ચાર્જ ૧૦ પૈસા કે વધુ થાય તો વીજ કંપનીઓએ આયોગેની પૂર્વમંજુરી લેવાની રહેશે.
- પ્રતિ સહાયકી ચાર્જ યુનિટ દીઠ રૂ. ૧.૦૦ માંથી ઘટાડીને રૂ. ૦.૫૧ કરવામાં આવ્યો. આનાથી ખુલ્લા ગ્રાહકોને લાભ થશે.
- રેલ્વે ટ્રેકશન માટે પ્રશુલ્કમાં કશો વધારો નહી.
- લૉ ટેન્શન ગ્રાહકો માટે રાત્રિ પ્રશુલ્ક અને રાત્રિ પ્રશુલ્ક અને રાત્રિ પ્રશુલ્ક એનર્જી ચાર્જમાં ગ્રાહકો માટે ઘટાડો.
- ગીરીબી રેખાથી નીચેના ગ્રાહકો માટે યુનિટ દીઠ રૂા. ૧.૫૦ નો ખાસ પ્રશુલ્ક
- ૨ લાખ જેટલા બાકી કૃષિ જોડાણો છૂટા કરવાની મંજુરી અને સિંચાઈ માટે સપાટી પરના પાણીના પંપિગ માટે હાઈટેન્શન પુરવઠા માટે નવી પ્રશુલ્ક કક્ષા દાખલ કરવી.

૩.૧.૪ ટોરન્ટ પાવર લિમિટેડ

ટોરન્ટ પાવર લિમિટેડ ખાનગી વીજળી કંપની છે. જે અમદાવાદમાં વીજ ઉત્પાદન સુવિધા અને અમદાવાદ-ગાંધીનગર તથા સુરતના વિસ્તારમાં વિતરણ લાઈસન્સ ધરાવે છે. ટોરન્ટ પાવર લિમિટેડની પ્રશુલ્ક પીટિશન અંગેના આયોગની આદેશના મુખ્ય વિશિષ્ટતાઓ નીચે મુજબ છે.

આયોગે અમદાવાદ વિસ્તાર માટે એકંદર પ્રશુલ્ક દરમાં ૧.૩૦% નો વધારો અને સૂરત વિસ્તાર માટે ૧.૬૪% નો વધારો મંજૂર કર્યો હતો.

નિયંત્રણ ગાળા માટે, આયોગ સૂરતમાં ત્રણેય વર્ષ માટે ૬ તથા અમદાવાદ-ગાંધીનગર લાઈસન્સ વિસ્તારમાં ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે ૧૦.૪૩% ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષ માટે ૧૦.૨૫% ૨૦૧૦-૧૧ ના નાણાકીય વર્ષ માટે ૧૦.૦૦% ની પ્રવાહન અને વિતરણ ઘટ ટ્રેજેકટરિને મંજૂરી આપી હતી. આગલા પ્રશુલ્ક આદેશમાં, આયોગ ૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષ માટે ૯.૨૬% ની પ્રવાહન અને વિતરણ ઘટ ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં ૮.૭૫% હતી.

આયોગે દેશી કોલસાની હેરફેર ઘટ અંગે ટોરન્ટ પાવર લિમિટેડની ૩.૫%ની દરખાસ્ત માટે માત્ર ૧.૪% ની જ મંજુરી આપી હતી.

અમદાવાદ-ગાંધીનગર લાઈસન્સ વિસ્તાર માટે ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે વ્હીલીંગ ચાર્જ ૧૧ કે.વી. નેટવર્ક માટે કિ.વો. કલાક દીઠ ૧૮.૫૦ પૈસા અને એલ.ટી. નેટવર્ક માટે કિ.વો. કલાક દીઠ ૬૩.૩૨ પૈસા નિયત કર્યો હતો. સૂરત વિસ્તાર માટે ૧૧ કિ.વો. નેટવર્ક માટે કિ.વો. કલાક દીઠ ૧૫.૯૬ પૈસા અને એલ.ટી. નેટવર્ક માટે કિ.વો. કલાક દીઠ ૪૧.૪૨ પૈસા હતો. ખુલ્લા પ્રવેશના ગ્રાહકો માટે પ્રતિ સહાયકી સરચાર્જ અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં કિ.વો. કલાક દીઠ ૦.૫૨ પૈસા અને સૂરત વિસ્તારમાં કિ.વો. કલાક દીઠ ૭૩.૬૫ પૈસા નિયત કર્યો હતો.

આયોગે ટોરન્ટ પાવર લિમિટેડ દ્વારા દરખાસ્ત કરાયેલ રૂા. ૩,૫૭૬.૫૮ કરોડની સામે ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષ માટે રૂા. ૩,૩૦૪.૬૩ નું કુલ ખર્ચ મંજુર કર્યું હતું. હાલનાં પ્રશુલ્ક પ્રમાણે કુલ આવક રૂ. ૩,૧૯૯.૬૯ કરોડ ગણી કાઢી હતી. તેથી પરિણામ સ્વરૂપ ગાળો રૂા. ૧૦૪.૯૪ કરોડ અંદાજવામાં આવ્યો હતો.

ટોરન્ટ પાવર લિમિટેડના પ્રશુલ્ક આદેશની વિશેષતા

- ટોરન્ટ પાવર લિમિટેડના બન્ને લાઈસન્સ વિસ્તારમાં કોઈપણ ગ્રાહક માટે નિયત ફિક્સ્ડ ચાર્જમાં કશો વધારો કર્યો ન હતો.
- ટોરન્ટ પાવર લિમિટેડ દરખાસ્ત કરેલ ૭.૮% ની સામે એકંદર પ્રશુલ્ક વધારો ૧.૪% હતો.
- પ્રશુલ્ક વધારો ૧-૨-૨૦૦૯થી અમલી બન્યો હતો. એટલે કે પરવાનાદારે વિનંતી કર્યા મુજબ આયોગે તેને પાછલી અસર આપવા સંમતિ આપી ન હતી.
- અમદાવાદ-ગાંધીનગરના ૧૧-૧૬ લાખ રહેઠાણના ગ્રાહકો પૈકી ૧૦.૨ લાખ ગ્રાહકો (એટલે કે ૯૧%)ને અસર થઈ ન હતી. તે જ રીતે, સૂરતમાં ૧.૬૧ લાખ વાણિજ્યિક ગ્રાહકો પૈકી ૦.૬૨ લાખ ગ્રાહકો (૩૯%)ને અસર થઈ ન હતી.
- પ્રશુલ્ક માળખા અને કક્ષાઓમાં કોઈ મોટો ફેરફાર કર્યો ન હતો.

- આયોગે ત્રિમાસ દીઠ બળતણ ભાવો વીજળી ખરીદી સમાયોજનમાં ૦.૧૦ પૈસા કે વધુ વધારો આયોગની પૂર્વ મંજુરી સિવાય વસૂલ કરવા પરવાનેદાર પર નિયંત્રણ મુક્યું હતું.
- આયોગે ૩ વર્ષ માટે વિવિધ નિયંત્રણ પાત્ર પારમિતિઓ માટે ટ્રેજેકટરિ પણ નિયત કરી હતી અને આમ કોઈ આવા ખર્ચમાં કોઈ પણ વધારો પરવાનેદારના નિયંત્રણ બહારના પરિબળોના કારણે તેમાં સુધારો કર્યો હોય તે સિવાય પરવાનેદાર જાતે ભોગવશે.
- ટોરેન્ટ પાવર લિમિટેડના બંને પરવાના વિસ્તારો માટે પ્રતિ સહાયકી સરચાર્જ જે યુનિટ દીઠ ૧૦૦ પૈસા હતો. તે ઘટાડ્યો હતો. આ આદેશમાં નિયત કરેલ પ્રતિ સહાયકી સરચાર્જ અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર માટે ૦.૫૨ પૈસા હતો અને સૂરત વિસ્તાર માટે ૭૩.૬૫ પૈસા હતો. આ પ્રતિ સહાયકી સરચાર્જમાં ઘટાડાથી રાષ્ટ્રીય વીજળી નીતિમાં વિચારેલ ખુલ્લા પ્રવેશની નીતિને વેગ મળવાની ધારણા છે.

૩.૨ ખુલ્લો પ્રવેશ પ્રવાહ ખર્ચ, વ્હીલીંગ ખર્ચ અને પ્રતિ સહાયકી સરચાર્જ

૩.૨.૧ રાજ્યની વિતરણ કંપનીઓ

આયોગે તેના ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૬ના આદેશમાં ૨૦૦૫-૦૬ના વર્ષ માટે ખુલ્લા પ્રવેશ માટે પ્રવાહના અને વ્હીલીંગ ચાર્જ તથા પ્રતિ સહાયકી સરચાર્જ મંજૂર કર્યો હતો. આ ચાર્જ ગુ. વિ. બોર્ડ પૂરી પાડેલ ૨૦૦૩-૦૪ની આંકડાકીય માહિતી પર આધારિત હતો

જેટકો અને ચાર વિતરણ કંપનીઓ દ.ગુ.વી.કં.લિ., મ.ગુ.વી.કં.લિ., ઉ. ગુ. વી.કં.લિ. તથા પ. ગુ.વી.કં.લિ. જેઓ ગુજરાત વિદ્યુત બોર્ડની અનુગામી કંપનીઓ છે. તેમણે ૨૦૦૮-૦૯થી ૨૦૧૦-૧૧ની નિયંત્રણ મુદત માટે એકંદર મહેસૂલી જરૂરિયાત, પ્રવાહન ખર્ચ અને છૂટક પુરવઠા પ્રશુલ્ક નક્કી કરવા માટે પીટિશનો દાખલ કરી હતી.

આયોગે સંબંધિત આદેશોમાં ઉપરની કંપનીઓની એકંદર મહેસૂલી જરૂરિયાત, પ્રવાહન ખર્ચ અને છુટક પ્રશુલ્ક મંજુર કર્યા હતા.મંજુર કરેલ ચાર્જના આધારે આયોગે નીચેની રૂપરેખા પ્રમાણે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે ખુલ્લા પ્રવેશના ચાર્જમાં સુધારો કર્યો હતો.

૩.૨.૧.૧ પ્રવાહન ખર્ચ

નીચે આપ્યા મુજબ પ્રવાહન ખર્ચ, વીજ ઉત્પાદન કંપનીઓ, વિતરણ પરવાનેદારો, અન્ય પરવાનેદારો દ્વારા કે જેઓએ જેટકોની પ્રવાહન સિસ્ટમ, પ્રવાહન પરવાનેદારના ઉપયોગ માટે તથા ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૪૨ (૨) અન્વયે ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય તેવા ગ્રાહકો માટે પણ લાગુ પડે છે.

આયોગે તેના પ્રશુલ્ક આદેશમાં ૨૦૦૮-૦૯ માટેના જેટકો નેટવર્ક માટે દૈનિક રૂા. ૨,૪૧૦ પ્રતિ મે.વૉ. પ્રતિદિન તરીકે પ્રવાહન ચાર્જ મંજુર કર્યો હતો. તદનુસાર લાંબા ગાળાના ખુલ્લા પ્રવેશ અને ટુંકા ગાળાના ખુલ્લો પ્રવેશ વપરાશ કર્તાઓ દ્વારા ચૂકવવાપાત્ર પ્રવાહન ચાર્જ નીચે પ્રમાણે છે.

- લાંબા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશકર્તા રૂા. ૨,૪૧૦ પ્રતિ મે.વૉ. પ્રતિદિન
- ટુંકા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશ રૂા. ૬૦૩ (એટલે કે એલ.ટી.એ. ચાર્જના ૧/૪) ટુંકા ગાળાના ખુલ્લા પ્રવેશના વપરાશ કર્તાઓ માટે પ્રવાહન ખર્ચ જેને માટે ખુલ્લા પ્રવેશની છુટ આપી હોય તેવા કલાકની સંખ્યા પર આધારિત રહેશે.

(ક)	એક બ્લોકમાં દિવસના ૬ કલાક સુધી (ટુંકા ગાળાના ૧/૪ દર એટલોર્ડ ૧/૪ - ૬૦૩)	=	રૂ. ૧૫૧/ મે.વૉ.
(ખ)	એક બ્લોકમાં ૬ કલાક કરતાં વધુ અને ૧૨ કલાક સુધી (ટૂંકાગાળાનો ૧/૨ દર એટલે કે ૧/૨ **X** ૬૦૩)	=	રૂ. ૩૦૨/ મે.વો.
(ગ)	એક બ્લોકમાં ૧/૨ કલાક કરતાં વધુ અને ૨૪ કલાક સુધી (પૂરે પૂરો ટુંકા ગાળાનો દર)	=	રૂ. ૬૦૩ / મે.વો.

ઉપરાંત લાગુ પડતી સિસ્ટમ ઘટ (૪.૦૯%) અને આયોગના ખુલ્લા પ્રવેશના વિનિયમો મુજબના અન્ય ખર્ચ પણ વસૂલ કરાશે.

૩.૨.૧.૨ વ્હીલીંગ ચાર્જ

નિયંત્રણ મુદતના ૨૦૦૮-૦૯ના પ્રથમ વર્ષ માટે દ.ગુ.વી.કં.લિ., મ.ગુ.વી.કં.લિ., પ.ગુ.વી.કં.લિ. અને ઉ.ગુ.વી.કં.લિ. એ ચાર વિતરણ કંપનીઓ માટેનો વ્હીલીંગ ચાર્જ બીજા પરવાનેદારો કે વીજ ઉત્પાદન કંપનીઓ કે કેપ્ટિવ પાવર પ્લાન્ટ જે ૨૦૦૩ના વીજળી આધિનિયમની કલમ ૪૨ (૨) અન્વયે ખુલ્લા પ્રવેશની છુટ આપી હોય તેવા ગ્રાહકો દ્વારા પરવાનેદારની વિતરણ સિસ્ટમનો ઉપયોગ કરવા બદલ નીચે આપ્યા મુજબ લાગુ પડે છે.

૧.	૨૦૦૮-૦૯ના વર્ષ માટે ચારેય વિતરણ કંપનીઓની એકંદર મહેસૂલી જરૂરિયાત	લાખમાં	૧૪,૨૯,૯૫૭
૨.	બાદ ચાર વિતરણ કંપનીઓનું વીજ ખરીદી ખર્ચ	લાખ	૧૨,૧૮,૩૧૧
૩.	ચાર વિતરણ કંપનીઓનું વિતરણ ખર્ચ (૧-૨)	લાખ	૨,૧૧,૬૪૬
૪.	ચાર વિતરણ કંપનીઓનું ૧૧ કે.વી.એ. વિતરણ ખર્ચ કુલ વિતરણ ખર્ચના ૩૦% ધારી લીધેલ	લાખ	૬૩,૪૯૪
૫.	ચાર વિતરણ કંપનીઓનુ ૧૧ કે.વી.એ વીજળી ઉત્પાદન	એમ.યુ.	૪૭,૧૦૫
૬.	૧૧ કે.વી.એ. વ્હીલીંગ આઈ (૪/૫)	**Ps/Kwh**	૧૩.૪૮
૭.	૪૦૦ **V (LT)** એ વ્હીલીંગ ચાર્જ (૩/૫)	**Ps/Kwh**	૪૪.૯૩

આ ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબ ખુલ્લા પ્રવેશના વપરાશકર્તાઓએ વીજળી ઘટનું વસ્તુ સ્વરૂપે વળતર આપવું જરૂરી છે.

ઈજેકશન પોઈન્ટ	આપેલી વીજળીના પોઈન્ટ	
	૧૧ કે.વી.	૪૦૦ વોલ્ટ
૧૧ કે.વી. ૨૨ કે.વી. અને ૩૩ કે.વી.	૧૦.૦૧	૧૮.૫૭
૪૦૦ વોલ્ટ	-	૯.૫૧

ચારેય વિતરણ કંપનીઓ દ.ગુ.વી.કં.લિ., મ.ગુ.વી.કં.લી., પ.ગુ.વી.કં.લિ. અને ઉ.ગુ.વી.કં.લિ.માં ચુકવવા પાત્ર ઉપર્યુકત વ્હીલીંગ ચાર્જ એક સરખો છે.

૩.૨.૨ ૨૦૦૮-૦૯થી ૨૦૧૦-૧૧ના વર્ષો માટે ટોરન્ટ પાવર લિ. માટે ૧૧ કે.વી. વોલ્ટેજ સપાટીએ ગણી કાઢેલ વ્હીલીંગ ચાર્જ કોઠો-૧માં દર્શાવેલ છે.

કોઠો - ૧

૧૧ કેવી વોલ્ટેજ સપાટી (ટોરેન્ટ પાવર લિમિટેડ) છે.

વ્હીલીંગ ચાર્જ

ક્રમ	વિગતો	અમદાવાદ અને ગાંધીનગર સુરત માટે આયોગે મંજુર કરેલા			સુરત માટે આયોગે મંજુર કરેલા		
		૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦૧૧
૧.	૧૧ કેવી સિસ્ટમમાં	૫૪૯૫	૫૯૫૦	૬૩૬૩	૩૩૮૯	૩૬૨૯	૩૮
૨.	કુલ વિતરણ ખર્ચ	૩૪૦.૫૯	૪૦૯.૯૭	૪૫૮.૬૪	૧૮૦.૨	૧૯૨.૪૩	૨૦૧
૩.	૧૧ કેવી વોલ્ટેજે	૦૨.૧૮	૧૨૨.૯૯	૧૩૭.૫૯	૫૪.૦૮	૫૭.૭૩	૬૦.૩૦
૪.	૧૧ કેવી સપાટીએ વ્હીલીંગ ચાર્જ (Ps/Kwh) (૩/૧)	૧૮.૬૦	૨૦.૬૭	૨૧.૬૨	૧૫.૯૬	૧૫.૯૧	૧૫.૫૪

આ ઉપરાંત વિતરણ પરવાનેદારોના EHT/HT નેટવર્કમાં ઘટ પેટે વીજળી નિવેશ માંથી વસ્તુ સ્વરૂપે ૪% વીજળી બાદ કરવામાં આવશે.

અમદાવાદ-ગાંધીનગર અને સૂરતના વિસ્તારો માટે ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે એલ.ટી. વોલ્ટેજ સપાટી માટે વ્હીલીંગ ચાર્જ કોઠા બી માં આપ્યો છે.

અમદાવાદ-ગાંધીનગર અને સૂરતના વિસ્તારો માટે ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે એલ.ટી. વોલ્ટેજ સપાટી માટે વ્હીલીંગ ચાર્જ નીચેના કોઠા બી માં આપ્યો છે.

કોઠો - ૨

એલટી વોલ્ટેજ સપાટી (ટોરેન્ટ પાવર લિમિટેડ) છે.

વ્હીલીંગ ચાર્જ

ક્રમ	વિગતો	અમદાવાદ માં ગાંધીનર માટે આયોગે મંજુર કરેલ			સૂરત માટે આયોગે મંજુર કરેલ		
		૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧
૧.	૧૧ કેવી સિસ્ટમમાં વિજળી નિવેશ (MU)	૫૪૯૫	૫૯૫૦	૬૩૬૩	૩૩૮૯	૩૬૨૯	૩૮૮૦
૨.	૧૧ કેવી માં ઘટ (૪ ધારીને) (MU)	૨૧૦	૨૩૮	૨૫૮	૧૩૬	૧૪૫	૧૫૫
૩.	૧૧ કેવી સિસ્ટમમાં વીજ વેચાણ (MU)	૧૫૨૦	૧૫૫૫	૧૭૦૦	૨૩૫	૨૪૮	૨૫૯
૪.	LT સિસ્ટમમાં વીજળી નિવેશ (MU) (૧-(૨+૩)	૩૭૬૫	૪૧૫૭	૪૪૦૫	૩૦૧૬	૩૨૩૬	૩૪૬૬
૫.	કુલ વિતરણ ખર્ચ (વાયર ધંધો)	૩૪૦.૫૯	૪૦૯.૯૭	૪૫૮.૬૪	૧૮૦.૨૦	૧૯૨.૪૩	૨૦૧.૦૦
૬.	૧૧ કેવી વોલ્ટેજ સપાટી માટે વિતરણ ખર્ચ	૧૦૨.૧૮	૧૨૨.૯૯	૧૩૭.૫૯	૫૪.૦૮	૫૭.૭૩	૬૦.૩
૭.	LT વોલ્ટેજ સપાટીએ વિતરણ ખર્ચ (૫-૬)	૨૩૮.૪૧	૨૮૬.૯૮	૩૨૧.૦૫	૧૨૬.૧૨	૧૩૪.૭૦	૧૪૦.૭૦
૮.	LT સપાટી માટે વ્હીલીંગ ચાર્જ (PS /Kwh) ૭÷૪)	૬૩.૩૨	૬૯.૦૪	૭૨.૮૮	૪૧.૮૨	૪૧.૬૩	૪૦.૫૯

આ ઉપરાંત ઘટ પેટે વીજળી નિવેશમાંથી વસ્તુ સ્વરૂપે ૪.૫૭% વીજળી બાદ કરવામાં આવશે

૩.૨.૩ પ્રતિ સહાયકી સરચાર્જ

આયોગે તેના ૨૮-૨-૨૦૦૬ના આદેશમાં રૂા. ૧.૮૦ કિ.વો. કલાક દીઠ ખુલ્લા પ્રવેશને પસંદ કરનાર કોઈપણ ગ્રાહક માટે ચૂકવવાપાત્ર પ્રતિ સહાયકી સરચાર્જ નક્કી કર્યો હતો. તેમા પુરવઠાના સરેરાશ ખર્ચને આધારે તેમના તા. ૫-૫-૨૦૦૬ ના આદેશ અન્વયે ઘટાડો કરીને કિ.વો.કલાક દીઠ રૂા. ૧.૩૫ ઘટાડીને તા. ૩૧-૩-૨૦૦૫ના આદેશ અન્યવે કિ.લો. કલાક દીઠ રૂા. ૧.૦૦ કર્યો હતો.

આમ છતાં અપીલ પીટિશન (૨૦૦૫ની નં. ૧૭૧) અંગે અપીલ પંચના ચુકાદાને જોતાં રાજ્ય નિયંત્રક આયોગોએ વીજળી અધિનિયમ ૨૦૦૩માં જાહેર કરેલી શુલ્ક નીતિમાં નિર્દિષ્ટ પ્રતિ સહાયકી સરચાર્જ નક્કી કરવા માટેની પધ્ધતિને અનુસરવું જોઈએ અને ગ્રાહકો માટે ખુલ્લા પ્રવેશની સગવડની દષ્ટિએ પ્રતિ સહાયકી સરચાર્જ ઘટાડવાની જરૂરિયાત જોતાં પુરવઠાના સરેરાશ ખર્ચ પર આધરિત પ્રતિ સહાયકી સરચાર્જ નક્કી કરવાના આયોગ અગાઉના આદેશ અંગે ફેરવિચારણા કરવી જરૂરી હતી. આ આયોગે, ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ રાષ્ટ્રીય વીજળી નીતિ અને પ્રશુલ્ક નીતિની જોગવાઈઓ તપાસી હતી અને પ્રવાહન તથા વિતરણમાં ખુલ્લા પ્રવેશને લગતી ૨૦૦૩ના વીજળી અધિનિયમની વિવિધ જોગવાઈઓ પણ વિચારી હતી. તેથી, એવું તારણ કાઢ્યું હતું કે ખુલ્લા પ્રવેશને પ્રોત્સાહન આપવું હોય તો આવો પ્રતિ સહાયકી સરચાર્જ ઘટાડવો, જેથી ગ્રાહકને વીજળીનું આખરી ખર્ચ પરવડી શકે, માગ અને પુરવઠા વચ્ચેનો ગાળો ઘટાડવા કેપ્ટિવ વીજ ઉત્પાદનનો ઉપયોગ કરવો એ પણ ખૂબ અગત્યનું છે. રાજ્ય સરકારે, કેપ્ટિવ વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા દીર્ઘલક્ષી નીતિનું અનુસરણ કર્યું છે. અને તેના પરિણામે કેપ્ટિવ પાવર પ્લાન્ટની વ્યાપક ક્ષમતા ઘરાવવામાં ગુજરાત રાજય, આગલી હરોળનાં રાજયો પૈકીનું એક છે.

પ્રશુલ્ક નીતિમાં જોગવાઈ છે કે પ્રતિ સહાયકી સરચાર્જની ગણતરી, (૧) સંબંધિત વર્ગના ગ્રાહકોને લાગુ પડતા પ્રશુલ્ક અને (૨) લાગુ પડતા વર્ગના ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ પરવાનેદારોના ખર્ચ વચ્ચેના તફાવત તરીકે કરવી. વધુમાં આ હેતુ માટે ગ્રાહકને વીજળી પુરવઠાનું ખર્ચ (ક) પ્રસ્તુત વોલ્ટેજ સપાટીઓ સરેરાશ ઘટ વળતર માટે સમાયોજિત એસ.ઈ.આર.સી. દ્વારા મંજુર કરેલ ગુણવત્તા ક્રમમાં, પ્રવાહી બળતણ આધારિત વીજ ઉત્પાદનો સિવાય સીમાંતે ટોચના વીજળીના હોયના ૫% ના નિયત અને પરિવર્તી ચાર્જ સહિત વીજ ખરીદી ખર્ચનું ભારિત સરેરાશ અને આંતર રાજય પ્રવાહન ખર્ચ માટે ઠરાવ્યા મુજબ સિધ્ધાંતોને આધારે નક્કી કરેલ વિતરણ ખર્ચના એકંદર સરવાળા તરીકે ગણી શકાશે

ઉપરની બાબત ધ્યાનમાં લેતાં આયોગે ખુલ્લા પ્રવેશના વપરાશકર્તાઓ દ્વારા ચૂકવવાપાત્ર પ્રતિ સહાયકી સરચાર્જનું ફેરમૂલ્યાંકન કર્યું અને નીચે મુજબના નિષ્કર્ષ પર આવ્યા.

(ક) રાજ્ય વીજ વિતરણ કંપનીઓ માટે રૂા. ૦.૫૧ (Ps/kwh)

(ખ) TPL માટે

(૧) અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર 52 Ps/kwh

(૨) સૂરત વિસ્તાર ૭૩.૬૫ Ps/kwh

૩.૩ અન્ય મુખ્ય આદેશો

૩.૩.૧ ૨૦૦૮ના જામીન અનામત (મુશ્કેલીઓની નાબૂદી) આદેશની બાબતમાં તા. ૧૧-૪-૨૦૦૮ નો આદેશનાં વીજ કંપનીઓ તેમજ ગ્રાહકો સામેની મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે નીચેની જોગવાઈઓ સાથે ૨૦૦૮નો જામીન અનામત બાબતે હુકમ બહાર પાડયો હતો. (૧) કેપ્ટિવ પાવર પ્લાન્ટ ખુલ્લા પ્રવેશના ગ્રાહકોના કેસમાં, જામીન અનામત કેપ્ટિવ પાવર પ્લાન્ટમાંથી વાપરેલ / વ્હીલ કરેલ એકમો સાથે સંબંધિત છે અને તેની ચુકવણી બેન્ક ગેરંટી સ્વરૂપે કરી શકાય (૨) જામીન અનામત ચુકવવા ન માગતા ગ્રાહકો માટે, બિલની મુદતના પ્રથમ દિવસે માસિક વીજળી ખર્ચના ૧૦ અગ્રિમ ચુકવણી (૩) જામીન અનામતની વાર્ષિક અમીક્ષા નીચેની જામીન અશમતની ચુકવણીના કેસમાં જામીન અનામતના તફાવતની ચુકવણી માટે ૧૨ સરખા હપ્તા.

૩.૩.૨ ભારત સરકારના નવીન અને નવીનીકરણપાત્ર વીજળી મંત્રાલયના તા. ૨૪-૧-૨૦૦૮ ના જાહેરનામા નં. ૩૨૧૬૧/૨૦૦૭-૦૮ તથા માર્ચ ૨૦૦૮ ના નં. ૮૧૧/૨૦૦૮-૦૮/એસ.ટીના હેતુ માટે સૌરવીજ પ્લાન્ટના ગ્રિડ આંતર સહિય નિદર્શન અંગેના પ્રશુલ્કની બાબતમાં તા. ૨૨-૧-૨૦૦૯ નો આદેશ નં.- ૧ રાજયના સૌરવીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા આયોગેભારત સરકારના નવીન અને નવીનીકરણાપાત્ર વીજળી મંત્રાલયના ૨૪-૧-૨૦૦૮ ના જાહેરનામા નં. ૩૨૧૬૧/૨૦૦૭-૦૮/ **PVSE** અને માર્ચ ૨૦૦૮ ના નં. ૮૧૧ ૨૦૦૭-૦૮ ના હેતુ માટે ગ્રિડ સાથે જોડાયેલ નિદર્શન સૌર વીજ પ્લાન્ટ માટે પ્રશુલ્ક અંગે તા. ૨૨-૧-૨૦૦૯ નાં આદેશ નં-૧ બહાર પાડયો હતો. આદેશ પ્રમાણે સૌર ઉત્પાદકો કિ.વો.કલાક દીઠ રૂ. ૩.૩૭ ના પ્રશુલ્ક સાથે ૨૫ વર્ષની મુદત માટે વિતરણ પરવાનેદાર સાથે વીજ ખરીદી સમજૂતિ પર સહી કરશે. નવીન અને નવીનીકરણપાત્ર મંત્રાલયના જાહેરનામા અનુસાર વીજ ઉત્પાદન આધારિત ઉત્તેજનની બાકીની રકમ, નવીન અને નવીકરણપાત્ર મંત્રાલય દ્વારા સૌર્ય વીજળી પરિયોજના વિકાસકારને ચૂકવાશે.

૩.૪ ધોરણો સ્થાપિત કરવા

આયોગે તેના ૨૫ જુલાઈ ૨૦૦૫ ના પત્ર મારફતે વિતરણ પરવાનેદારો પાસે ધોરણસરની કામગીરી અંગે નિયંત્રક માહિતી અહેવાલો રજુ કરવા અંગેના પત્રકો ઠરાવ્યા છે. આ આદેશની એક જોગવાઈ, વિતરણ પરવાનેદારો આયોગેને કામગીરી વિશે વિગતો રજૂ કરવા ફરમાવ્યું છે.

આયોગ વિતરણ પરવાનેદારો પાસેથી ત્રિમાસિક છ માસિક અને વાર્ષિક ધોરણ સરના કામગીરી અહેવાલો અને નિયંત્રણ માહિતી અહેવાલો મેળવે છે. અને તે અહેવાલો વખતોવખત આયોગની વેબસાઈટ પર મુકવામાં આવે છે. કામગીરીનાં ધોરણોનાં અહેવાલોમાં, ફરિયાદ નિવારણ માટે જવાબ આપવાનો સમય, ફરિયાદોનું સ્વરૂપ અને આ ફરિયાદોનું નિવારણ કરવા લીધેલા પગલાં તથા કામગીરી, સલામતી અન્વયે પરવાનેદાર તથા તેના ગ્રાહકો વચ્ચેના અન્ય પાસાનો સમાવેશ થાય છે. ૨૦૦૫ના જાહેરનામાં નં ૧૦ અન્વયે બહાર પાડેલ ગુ.વી.નિ. આયોગે (વિતરણ પરવાનેદારો માટે કામગીરીનાં ધોરણો) વિનિયમ ૨૦૦૫માં વિનિયમોમાં નિર્દિષ્ટ કામગીરી ધોરણોનું પાલન ન કરવાના કેસમાં ગ્રાહકોને વળતર માટેની જોગવાઈ કરી છે. વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વળતરની રકમ, બીજા પૃષ્ઠ પર કોઠામાં રજુ કરી છે.

ક્રમ નં.	બનાવો	ચુકવવાપાત્ર વળતર
૧. (ક) (ખ) (ગ) (ઘ) (ચ) (છ)	વિનંતી કર્યેથી પુરવઠો આપવાની ફરજ નવાં સર્વિસ જોડાણો વધારાનો વીજભાર કામચલાઉ પુરવઠો સર્વિસ જોડાણનું સ્થળાંતર સર્વિસ જોડાણની તબદીલી પ્રશુલ્કનો ફેરફાર	વિલંબના કેસમાં દૈનિક રૂ. ૫૦
૨.	બિલ બાબતે ફરિયાદ	મુદતની અંદર જવાબ ન આપવા માટે રૂ. ૫૦
૩.	મીટરોની ફેર બદલી	એલ.ટી. જોડાણો માટે અધિકતમ રૂા. ૨૫૦૦ ને અધીન રહીને વિલંબ માટે દરરોજ રૂ. ૨૫ અને એચ.ટી. જોડાણો માટે અધિકતમ રૂ. ૫૦૦૦ ને અધીન રહીને વિલંબ માટે દરરોજ રૂ. ૨૫૦
૪.	પુરવઠામાં ખલેલ	એલ.ટી. જોડાણ માટે અધિકતમ રૂ. ૫૦૦ ને અધીન રહીને પુરવઠાના પુન સ્થાપનમાં વલિંબ અંગે દર છ કલાક (અથવા તેનાભાગ) માટે રૂ. ૨૫ અને એચ.ટી. જોડાણ માટે અધિકતમ રૂ. ૧૦૦૦/- ને અધીન રહીને પુરવઠાના પુનઃ સ્થાપનના દર છ કલાકના (કે તેના ભાગના) વિલંબ માટે રૂ. ૫૦.
૫.	વોલ્ટેજમાં વધઘટ અને ફરિયાદો	નિયત મુદતની અંદર મુલાકાત લેવા કે તારણો જણાવવામાં નિષ્ફળતા માટે રૂ. ૫૦
૬.	ગ્રાહકોની ફરિયાદો ના જવાબ આપવા	અધિકતમ રૂ. ૫૦૦/- ને અધીન રહીને વિલંબના દરેક દિવસ માટે ફરિયાદ હાથ ધરવામાં નિષ્ફળતા માટે રૂ. ૨૫.
૭.	ફરિયાદ હાથ ધરવી.	ફરિયાદ હાથ ધરવામાં નિષ્ફળતા માટે ૨૫

૩.૫ પીટિશન અને અપીલોનો નિકાલ

૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન ૫ લાઈસન્સ અરજીઓ ઉપરાંત આયોગે ૪૪ પીટિશનો, ૩ અપીલો અને ૭ પરચૂરણ અરજીઓ હાથ ધરી હતી.

આયોગ પાસે બાકી પડેલી પીટિશન વગેરેની છેલ્લી સ્થિતિ નીચેના કોઠામાં વર્ણવી છે.

પીટિશન	૩૧-૩-૦૮ના રોજ બાકી	વર્ષ દરમિયાન મળેલ	સરવાળા	વર્ષ દરમિયાન નિકાલ કરેલ	૩૧-૩-૦૯ના રોજ બાકી
પીટિશન	૧૪	૩૦	૪૪	૨૮	૧૬
અપીલો	૨	૧	૩	૨	૧
પરચૂરણ અરજીઓ	-	૭	૭	૨	૫
લાઈસન્સ અરજીઓ	૨	૩	૫	-	૫
સરવાળો	૧૮	૪૧	૫૯	૩૨	૨૭

આયોગે ઉપર દર્શાવ્યા પ્રમાણે, ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન ૨ અપીલો અને ૨ પ્રકીર્ણ અરજીઓ સહિત ૩૨ પીટિશનોનો નિકાલ કર્યો હતો પીટિશન અપીલ અને પરચૂરણ અરજીઓની વિગતો અનુક્રમે જોડાણ ૪, જોડાણ ૫ અને જોડાણ ૬ માં વર્ણવી છે.



મળેલ અરજીઓ



નિકાલ કરેલ અરજીઓ

૩.૬ ૨૦૦૮-૦૯ દરમિયાન આયોગે બહાર પાડેલ બીજા અગત્યના આદેશો

અર્થ ટર્મિનલ અંગે આદેશ

ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી અમદાવાદ ગુજરાત રાજયમાં ભૂતપૂર્વ ગુ.વિ.બોર્ડની છુટી પાડેલી કંપનીઓ દ્વારા ૧૯૫૬ ના ભારતીય વીજળી નિયમોના નિયમ ૩૩ ના અમલ માટે આયોગ સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. આયોગે ભૂતપૂર્વ ગુ.વિ.બોર્ડની વિતરણ કંપનીઓ અને રાજયના મુખ્ય વીજળી નિરીક્ષકે કરેલી રજૂઆતો ધ્યાને લીધી હતી. આ પીટિશન તકરારનો મુદ્દો ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ના નિયમ ૩૩ મુજબ ગ્રાહકોના સ્થળે વીજ વિતરણ કંપનીઓ દ્વારા "અર્થ ટર્મિનલ" પૂરું પાડવા બાબતે હતી.

આ વિવાદ બાબતે આયોગે અલગ-અલગ સત્તામંડળોના પ્રતિનિધિઓ સાથે વિમર્શ કરેલ છે. જેમાં કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ, ગ્રામ્ય વીજળી નિગમ, વિદ્યુત સંશોધન અને વિકાસ સત્તામંડળ તથા મુખ્ય વિદ્યુત નિરીક્ષકનો સમાવેશ થાય છે. ત્યાર બાદ આ બાબત કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગને મોકલતાં તેમના દ્વારા કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણને મોકલવામાં આવેલ હતી. કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ અલગ-અલગ વિકલ્પો સૂચવેલ હતા કે જે ભૂગર્ભ વાયર જોડાણ અને ઓવરહેડ વિતરણ વ્યવસ્થામાં વાપરી શકાય.

આ મુજબ આયોગ દ્વારા વીજ વિતરણ કંપનીઓને ગ્રાહકના સ્થળે નિ. ૩૩ મુજબ અર્થ ટર્મિનલ પૂરું પાડવા જરૂરી નિર્દેશ આપ્યો હતો.

આયોગના આ મહત્ત્વના નિર્દેશથી ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ના નિયમ ૩૩ મુજબ જે ગ્રાહકોને અર્થ ટર્મિનલ પૂરા પાડવામાં આવેલ નથી તેમને આવા અર્થ ટર્મિનલ પૂરા પાડવાથી તેમની સલામતીનું ધોરણ ઉંચું જશે.

૩.૭ ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન યોજાયેલ મહત્ત્વના પરિસંવાદો / વર્ક શોપ

આયોગે પવન અને સૌર ઉર્જા ઉત્પાદન અંગેના ગ્રિડ સંબંધિત પ્રશ્નોની ચર્ચા બાબતે ફેબુઆરીમાં પરિસંવાદનું આયોજન કર્યું હતું MNRE, ERC, વીજ વિતરણ અને પવન કંપનીઓ અને સૌર ઊર્જા પરિયોજનાના એસોસિયેશનના સીનિયર અધિકારીઓ હાજર હતા. બેઠકના પ્રમુખપદે ગુ.વી.નિ. આયોગના અધ્યક્ષ હતા. નીચેના નોંધપાત્ર તારણો નીકળ્યાં હતા.

પવન ઊર્જા ઉત્પાદનમાં વધારાથી ગ્રિડ સ્થિરતાને અસર થતી નથી, કારણ કે સ્થાનિક ગ્રિડ હવે પ્રાદેશિક અને રાષ્ટ્રીય ગ્રિડ સાથે જોડાયેલ છે. તેથી પવન સૌર ઊર્જા ઉત્પાદનમાં કોઈપણ વધારો સહેલાઈથી ગ્રિડમાં સમાઈ જાય છે.

પવન અને સૌર ઊર્જા ઉત્પાદન બિનપ્રદૂષણકારક વીજળી છે.અને ખનીજ બળતણ માટેની માગમાં ઘટાડો કરવામાં મદદ કરે છે.

પવન, સૌર ઊર્જા ઉત્પાદકોએ ખર્ચ ઘટાડાની પદ્ધતિઓ શોધી કાઢવી જોઈએ, કેમ કે આ અંગેની માગ નોંધપાત્ર રીતે વધી છે.

સૌર ઊર્જા ઉત્પાદનની અમુક માત્રામાં આગાહી કરી શકાય છે. અને તે પવન ઊર્જા ઉત્પાદનની સરમાણીમાં વધુ સ્થાયી છે.

ભારત સિલિકોનનું ઉત્પાદક નથી. સિલિકોનના ઉત્પાદનથી સૌર ઊર્જા ઉત્પાદનના ખર્ચમાં ઘટાડાનો વિપુલ અવકાશ છે.

સૌર વિકિરણ નકશામાં બે ઘટકો છે. જેમ કે અકેન્દ્રિત વિકિરણ અને કેન્દ્રિત વિકિરણ. બન્ને પ્રકારના વિકિરણના નકશા તૈયાર કરવા જોઈએ અને તે માટે જરૂરી આંકડાકીય માહિતીનો આધાર ઉભો કરવો જોઈએ.

નવી ટેકનીકના વિકાસ સાથે સૌર વીજળી ઉત્પાદન ખર્ચમાં ઘટાડાને અવકાશ છે.

આવા ઉત્પાદનના વપરાશ માટે પ્રવાહન સિસ્ટમ આયોજન હાથ ધરવું જરૂરી છે. ગ્રિડ જોડાણનું એવી રીતે આયોજન કરવું કે પરિયોજનાઓ શરૂ કરાય ત્યારે તે ઉપલભ્ય થઈ શકે.

૩.૮ આંતર રાજય પ્રાપ્તતા આધારિત પ્રશુલ્કની સ્થિતિ

આયોગે ૧૧-૮-૨૦૦૬ ના રોજ પ્રાપ્તતા આધારિત પ્રશુલ્ક આદેશ બહાર પાડયો હતો, તેમાં અમલ પૂર્વે **SLDC** દ્વારા "મોક ટ્રાયલ" હાથ ધરવાની જોગવાઈ કરી છે **SLDC** એ બધા હિતાધિકારીઓ સાથે મોક ટ્રાયલ હાથ ધરી હતી અને તેઓએ ૬૪૩ સ્થળોએ પ્રાપ્તતા આધારિત પ્રશુલ્ક સુસંગત વીજળી મીટરો ગોઠવ્યા હતાં આને સાચા સમયના આધારે અમલ કર્યા હતા.

વિતરણ પરવાનેદારોએ વીજભાર રવાનગી કેન્દ્રો સ્થાપ્યાં છે. જેઓએ સ્વતંત્ર રીતે કામ કરવું શરૂ કર્યુ છે. ઉપરના ટ્રાયલમાં કેટલીક આઈ. પી. પી. કંપનીઓ પરવાનદારો વચ્ચે કેટલીક સમસ્યાઓ ઊભી થઈ હતી જેનું આયોગે સંબંધિત આઈ પી પી પરવાનેદારોને ખાસ આદેશો આપીને ઉકેલ આપ્યો હતો. **SLDC** એ થોડાક સમય માટે રાજય વીજળીના માસિક હિસાબો સરળતાથી તૈયાર કર્યા હતા. જે અંગે હિતાધિકારીઓએ કોઈ વિવાદ ઊભો કર્યો ન હતો.

રાજય વીજળી હિસાબો **SEA** માં સમાવિષ્ટ છે. (૧) પ્રાપ્યતા / અધિકારિતા સારાંશ (૨) આંતરરાજય દ્વિપક્ષી એક્સચેન્જનો સારાંશ (૩) રાજય વીજ ઉત્પાદન મથકોની નિયત ઊર્જાનો સારાંશ, (૪) **WR - NTPC** વીજ ઉત્પાદન મથકો/અધિકારિતામાંથી આંતરરાજય વીજ એક્ષ્ચેંજો (૫) એસ જી એસ મથકો માટે પ્રોત્સાહન ગણતરીની વિગતો (૬) પ્રવાહન / વ્હીલીંગ ચાર્જની વિગતો (૭) સી.જી.પી. હિસાબોની વિગતો અને (૮) **SLDC** દ્વારા હાથ ધરાયેલ, રાજયમાં વીજળી ફાળવણી વિવિધ ખર્ચની પતાવટ માટે રાજય વીજળી હિસાબો શરૂ કરવામાં આવ્યા છે અને આંતર સક્રિય વેબસાઈટ માહિતી બહાર પાડયા છે. આંતર રાજય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કને અમલમાં મુકવા **SLDC**ની તૈયારીની ખરાઈ કરવા, આયોગે કેન્દ્રિય વીજળી નિયંત્રણ આયોગના ભૂતપૂર્વ સભ્ય શ્રી ભાનુભૂષણની સાથે અધિકારીઓની ટીમને પ્રતિ નિયુક્ત કરી હતી. ટીમે અવલોકન કર્યું હતું કે **SLDC** આંતર રાજય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કના અમલ માટે પર્યાપ્ત રીતે તૈયાર છે. આયોગ, આંતર રાજય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કના વાણિજ્યિક સંચાલન માટે જરૂરી આદેશો આપશે.

૩.૯ લાઈસન્સ અરજીઓ

આયોગને વર્ષ દરમિયાન નીચેની લાઈસન્સ અરજીઓ મળી હતી.

ગ્લોબલ એનર્જી લિમિટેડ આંતર રાજય વેપાર લાઈસન્સ માટે અરજી દાખલ કરી હતી. અરજદારે ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૧૫ (૨) અન્વયે જાહેર નોટિસ પ્રકાશિત કરી હતી ગુ.ઉ.વિ.નિ.લિમિટેડે તેની સામે વાંધો રજૂ કર્યો હતો. આયોગે આ બાબત સાંભળી હતી અને તેણે અરજદારને પરવાનાની લાયકાત શરતો પરિપૂર્ણ કરવા વધુ વિગતો રજૂ કરવા ફરમાવ્યું હતું.

સુઝલોન ઈન્ટ્રાસ્ટ્રકચર પ્રા. લિમિટેડે રાજય ગ્રિડમાં ૧૪૦૦ મે.વો. પવન ઉર્જા ઉત્પાદન વહન કરવા માટે પ્રવાહન સિસ્ટમ ઉભી કરવા પ્રવાહન લાઈસન્સ અરજી દાખલ કરી હતી. જેટકો (STU) એ તેનો વાંધો લીધો હતો. આયોગે આ બાબત સાંભળી હતી અને અરજદાર તથા STU ને સૂચિત પ્રવાહન નેટવર્ક ઊભું કરવા ટેકનો આર્થિક અભ્યાસ અને ખર્ચ લાભ પૃથક્કરણ કરવા ફરમાવ્યું હતું. ઉપરના અહેવાલો આધારે આયોગ પગલાંનો ભાવિ ક્રમ નક્કી કરશે.

આયોગને એસ્સાર સેઝ લિમિટેડ સુઝલોન ઈન્ટ્રાસ્ટ્રકચર પ્રા. લિમિટેડ તથા ટોરેન્ટ એનર્જી લિમિટેડ પાસેથી વિતરણ લાઈસન્સ અરજીઓ મળી હતી. તમામ અરજદારોએ તેમના સેઝ વિસ્તારમાં વિતરણ લાઈસન્સ આપવા અરજી કરી હતી. અરજદારોએ ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૧૫ (૨) અન્વયે જાહેર નોટિસ આપી હતી. ગુજરાત સરકારે ૨૦૦૪ના વર્ષમાં SEZ અધિનિયમ ઘડયો હતો. આ અધિનિયમની કલમ ૧૪(૧)માં ઠરાવ્યું છે કે, સેઝ વિકાસકારો પાસે સેઝ વિસ્તારમાંઉત્પાદન અને વિતરણ હાથ ધરવાનો વિકલ્પ છે. આયોગે ગુજરાત સરકાર પાસે સ્પષ્ટીકરણ માંગ્યું હતું કે સેઝ વિકાસકારે લાઈસન્સ વિસ્તારમાં વીજળીનું ઉત્પાદન અને વિતરણ બંને હાથ ધરવાપાત્ર છે કે તેઓ ઉપયુંક્ત પ્રવૃતિઓ પૈકી કોઈપણ એક હાથ ધરવાપાત્ર છે. ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી હતી કે સેઝ વિકાસકાર ઉપરની કોઈપણ પ્રવૃતિઓ હાથ ધરી શકે.

આ બાબત વધુ વિચારણા હેઠળ છે.

૩.૧૦ વિવાદો અને મતભેદોનો ન્યાય નિર્ણય

- **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

ગ્રાહક ફરિયાદોના યોગ્ય નિવારણની જરૂરિયાત પારખીને વીજળી અધિનિયમ ૨૦૦૬ ની કલમ ૪૨ (૫) અન્વયે એ જરૂરી છે કે વિતરણ પરવાનેદારો ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમોની સ્થાપના કરે. ઉપરાંત ફોરમના નિર્ણયો સામે રજૂઆત માટે વિદ્યુત લોકપાલની કચેરી સ્થાપવાની પણ જોગવાઈ કરી છે. અન્ય ઉપરાંત આ વધારાના માર્ગો છે. જે વિતરણ પરવાનેદારો ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ઉભા કરી શકે.

રાજયમાં કામ કરતાં છ વિતરણ પરવાનેદારોએ ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમોની સ્થાપના કરી છે. આયોગે વિતરણ પરવાનેદારો દ્વારા સ્થાપિત દરેક ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમોમાં સ્વતંત્ર સભ્યની નિમણૂંક કરી છે. આયોગ, તેઓ દ્વારા રજૂ થતાં ત્રિમાસિક અહેવાલો મારફત આવા ફોરમોની કામગીરી પર દેખરેખ રાખે છે.

● **વિદ્યુત લોકપાલ :**

આયોગે વિદ્યુત લોકપાલની કચેરીની પણ સ્થાપના કરી છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગેતા. ૫ ઓગસ્ટ ૨૦૦૫ જાહેરનામા નં. **GERC/OMBD/T-11/1268/2005** ના અન્વયે શ્રી પી.એસ.શાહ સચિવ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને વિદ્યુત લોકપાલ તરીકે નામનિર્દિષ્ટ કર્યા છે.

ફોરમના આદેશ સામેની રજૂઆતો વિદ્યુત લોકપાલ સમક્ષ દાખલ કરાય છે. વિદ્યુત લોકપાલ ૨૦૦૫ના વિદ્યુત લોકપાલ વિનિયમોની અનુસાર જરૂરી હુકમો આપે છે. ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષ માટે વિદ્યુત લોકપાલની કચેરીને મળેલી રજૂઆતોની વિગતો નીચે પ્રમાણે છે.

વર્ષની શરૂઆતમાં બાકી કેસોની સંખ્યા	વર્ષ દરમિયાન મળેલા કેસોની સંખ્યા	વર્ષ દરમિયાન નિકાલ કરેલ કેસોની સંખ્યા
૪	૫૧	૫૫

મળેલ રજુઆતોનું સ્વરૂપ અને તેમનું ફોરમવાર વિભાજન અનુક્રમે જોડાણ ૭ અને જોડાણ - ૮માં આપ્યું છે.

૩.૧૧ રાજય સલાહકાર સમિતિ

૨૦૦૩ ના વીજળી અધિનિયમના સંદર્ભમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વીજળી ક્ષેત્રે વાણિજય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, ગ્રાહકો, બિનસરકારી સંસ્થાઓ, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રોના નિષ્ણાત સભ્યોની બનેલી રાજય સલાહકાર સમિતિની રચના કરી છે.

સમિતિ નીચેના મુદ્દાઓ અંગે વિચારણા અને ચર્ચા કરવા નિયમિત મળે છે.

નીતિ વિષયક બાબતો,

પરવવાનેદાર અપાતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને ધોરણો.

પરવાનેદારો દ્વારા લાઈસન્સની શરતોનો અમલ.

ગ્રાહકના હિતનું રક્ષણ અને

વીજળી ક્ષેત્રને લગતા બીંજા કોઈપણ પાસા

૩.૧૨ તાલીમ કાર્યક્રમો

આયોગના સ્ટાફે નીચે મુજબ જુદા જુદા તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

કાર્યક્રમ/તાલીમ/વિગતો	**તારીખ**	**હાજરી આપી**
ઔદ્યોગિક અને ઈજનેરી વ્યવસ્થા વિભાગ, આઈઆઈટી કાનપુર	૩૦-૬-૦૮ થી ૦૫-૭-૦૮	શ્રી ડી. આર. પરમાર સંયુક્ત નિયામક
રાષ્ટ્રીય ઉત્પાદકતા કાઉન્સિલ અને સી સીઆઈ દ્વારા પ્રયોજિત ઉર્જા વ્યવસ્થા અને ઊર્જા રક્ષણ	૨૭-૧-૦૯ થી ૩૦-૧-૦૯	શ્રીમતી એ.એસ. દાણી નાયબ નિયામક (ટેકનિકલ)

૩.૧૩ નિયંત્રક ફોરમની બેઠકો

કેન્દ્ર અને રાજય વીજળી વિનિયમની પ્રવૃતિઓનું સંકલન કરવા ભારત સરકારે ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૧૬૬ (૨) અન્વયે નિયંત્રક ફોરમની સ્થાપના કરી છે. ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમિયાન નીચે દર્શાવ્યા પ્રમાણે નિયંત્રક ફોરમની પાંચ બેઠકો યોજયામાં આવી હતી.

નિયંત્રક ફોરમની બેઠક	તારીખ	હાજરી આપી
નવી દિલ્હી ખાતે ૭ મી બેઠક	૧૩ જુન ૨૦૦૮	શ્રી કે.પી. ગુપ્તા, સભ્ય (નાણાં)
ખજુરાહો ખાતે ૮ મી બેઠક	૨૬ સપ્ટેમ્બર ૨૦૦૮	ડૉ. પી.કે. મીશ્રા અધ્યક્ષ
ભુવનેશ્વર ખાતે ૯ મી બેઠક	૧૪-૧૫ નવેમ્બર ૨૦૦૮	ડૉ. પી.કે. મિશ્રા અધ્યક્ષ
ભુવનેશ્વર ખાતે ૧૦ મી બેઠક	૩૦ જાન્યુઆરી ૨૦૦૯	ડૉ. પી.કે. મિશ્રા અધ્યક્ષ
નવી દિલ્હી ખાતે ૧૧ મી બેઠક	૨૭ માર્ચ ૨૦૦૯	ડૉ. પી.કે. મિશ્રા અધ્યક્ષ

૩.૧૪ નિયંત્રક ફોરમની બેઠકો

ભારતીય નિયંત્રક ફોરમ એ નિયંત્રક સંસ્થાઓ ની કામગીરીમાં પારદર્શકતાને ઉતેજન આપવા, ગ્રાહક હિતનું રક્ષણ કરવા અને ગ્રાહક સલાહ સંસ્થાઓ વિકસાવવા નિયંત્રક સંસ્થાઓ, વિતરણ કંપનીઓ અને અન્ય હિતસંબંધીઓનાં માનવીય અને સંસ્થાત્મક ક્ષમતા વિકસાવવા સ્વતંત્ર વિનિયમની ક્ષમતા અને અસરકારકતાનું સંશોધન કરવા છે, જે નિયંત્રક કાયદા અને પ્રેકટિસ તથા નિયંત્રક અર્થતંત્ર અંગે માહિતી આધાર પૂરો પાડવા અને ભારતમાં શૈક્ષણિક સંશોધન સંસ્થાઓ ધંધાદારી સંસ્થાઓ તથા બિનસરકારી સંસ્થાઓ સાથે તથા આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ હિતકારક વિસ્તારોમાં મંડળીના હિત માટે સહકાર સાધવા મંડળી નોંધણી અધિનિયમ હેઠળ સ્થપાયેલ મંડળી છે. ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન નિયંત્રક ફોરમની ત્રણ બેઠકો નીચે મુજબ યોજનામાં આવી હતી.

ભારતીય નિયંત્રક ફોરમની બેઠક	તારીખ	હાજરી આપી
નવી દિલ્હી ખાતે ૯ મી વાર્ષિક બેઠક	૧૨-૬-૦૮	શ્રી કે.પી. ગુપ્તા, સભ્ય (નાણાં) શ્રી મનમોહન, સભ્ય (ટેકનીકલ)
નવી દીલ્હી ખાતે ભારતીય નિયંત્રક ફોરમની બેઠક	૨૩-૯-૦૮ થી ૨૭-૯-૦૮	ડૉ. પી. કે. મિશ્રા અધ્યક્ષ શ્રી કે. પી. ગુપ્તા સભ્ય ડૉ. મનમોહન, સભ્ય
ચેન્નાઈ ખાતે ભારતીય નિયંત્રક ફોરમની બેઠક	૨૯-૧-૦૯ થી ૨-૨-૦૯	ડૉ. પી. કે. મિશ્રા, અધ્યક્ષ શ્રી કે. પી. ગુપ્તા, સભ્ય ડૉ. મનમોહન, સભ્ય

૪. વાર્ષિક હિસાબો

ગુજરાત વીજળી નિયંત્રક આયોગના ફંડનું સંચાલન ૨૦૦૫ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડ નિયમો દ્વારા થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની આવકમાં મુખ્યત્વે લાઈસન્સ અને પીટિશન ફી નો સમાવેશ થાય છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડનું દર વર્ષે ઓડિટ થાય છે. રાજય વિધાનસભા સમક્ષ વાર્ષિક હિસાબો રજૂ થાય છે.

ફંડનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજય દ્વારા પુરસ્કૃત નાણાકીય સંસ્થાઓમાં થાય છે. ફંડનું સંચાલન ૧૯૭૧ના વખતોવખતના સુધારેલા ગુજરાત નાણાકીય નિયમો દ્વારા થાય છે. વધારાના નાણાનું રોકણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજય સરકારની નાણાકીય સંસ્થાઓમાં નિયત થાપણોમાં થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક ઓયોગને ગુજરાત સરકાર તરફથી કોઈ અનુદાન નાણાકીય સહાય મળતી નથી અને તે ૨૦૦૫ થી નાણાકીય રીતે સ્વનિર્ભર છે.

૩૧ મી માર્ચ ૨૦૦૯ ના રોજ મુજબ સરવૈયું રકમ રૂ. માં.

કોર્પસ/કેપિટલ ફંડ અને જવાબદારીઓ	૨૦૦૮-૦૯	૨૦૦૭-૦૮
કોર્પસ ગુ.વી.નિ.આયોગ કેપિટલ ફંડ	૨૬,૫૦,૦૦,૦૦૦,૦૦	૧૭,૫૦,૦૦,૦૦૦,૦૦
અનામત અને પુરાંત	૧,૭૧,૭૬,૨૪૧,૩૮	૧,૩૫,૧૪,૬૭૬,૩૩
અંકિત દેણગી ફંડ	0.00	0.00
તારણવાળી લોન અને ઉછીના નાણાં	0.00	0.00
બિનતારણવાળી લોન અને ઉછીના નાણાં	0.00	0.00
વિલંબિત ધિરાણ જવાબદારીઓ	0.00	0.00
ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ	૭૭,૬૯,૮૫૫,૬૫	૨૪,૦૦,૧૩૩,૬૫
સરવાળો	૨૮,૯૯,૪૬,૦૯૭.૦૩	૧૯,૦૯,૧૪,૮૦૯.૯૮
અસ્કયામતો		
સ્થાયી અસ્કયામતો એકદર બ્લોક	૧૦૯,૮૫,૮૩૫,૨૧	૧,૦૮,૦૭,૨૭૨,૨૧
બાદ કુલ ઘસારા ખર્ચ (૨૦૦૮-૦૯ ના વર્ષના અંત સુધી)	૦૮,૮૨,૪૪૪,૦૦	૬૨,૫૫,૪૬૨.૦૦
મૂડી રોકાણ અંકિત / દેણગી ફંડ માંથી	0.00	0.00
મૂડી રોકણ અન્ય	0.00	0.00
ચાલુ અસકયામતો લોન પેશગીઓ પ્રકીણ ખર્ચ	૨૮,૫૮,૪૨,૫૦૨,૮૨	૧૮,૬૩,૬૨,૯૯૯,૭૭
સરવાળો	૨૮,૯૪,૪૬,૦૯૭.૦૩	૧૯,૦૯,૧૪,૮૦૯.૯૮

૩૧ માર્ચ ૨૦૦૯ના રોજ પૂરા થતાં વર્ષનો આવક અને ખર્ચ હિસાબ

આવક	૨૦૦૮-૦૯	૨૦૦૭-૦૮
વેચાણ/સર્વિસમાંથી આવક	0.00	0.00
અનુદાન/સહાયકી	0.00	0.00
ફી અને ચાર્જ મૂડી રોકાણમાંથી આવક	૯,૩૪,૧૨,૩૩૭.00	૫,૪૫,૧૫,૭૦૯.૪૨
(મૂડી રોકાણ પર આવક,	0.00	0.00
અંકિત / ફંડ ખાતે તબદીલ કરેલ		
દેણગી ફંડ માથી		
રોયલ્ટી, પ્રકાશનો, વગેરેમાંથી	0.00	0.00
આવક		
પ્રાપ્ત કરેલ વ્યાજ	૨,૩૮,૪૪,૧૦૯.૦૫	૧,૬૮,૫૦,૪૫૯,૩૧
અન્ય આવક	૨૬,૦૫૫,00	૯,૮૯,૯૪૫.00
તૈયાર માલના સ્ટોકમાં વધારો ઘટાડો	0.00	0.00
તથા ચાલુ કામ		
સરવાળો (કુલ)	૧૧,૭૨,૮૨,૫૦૧.૦૫	૭,૨૩,૫૬,૧૧૬.૭૭
ખર્ચ		
મહેકમ ખર્ચ	૧,૩૧,૭૨,૩૮૩.00	૧,૧૧,૯૧,૦૪૩.૫૦
અન્ય વહીવટી ખર્ચ વગેરે	૯૮,૨૧,૫૭૧.00	૯૪,૬૫,૫૨૭.૪૧
અનુદાન સહાયકી વગેરે અંગે ખર્ચ	0.00	0.00
ચુકવેલ વ્યાજ	0.00	0.00
ઘસારો (વર્ષના અંતે ચોખ્ખો સરવાળો)	૬,૨૬,૯૮૨.00	૮.૧૮.૭૧૧.00
સરવાળો (ખ)	૨,૩૬,૨૦,૯૩૬.00	૨,૧૪,૭૫,૨૮૧.૯૧
ખર્ચ કરતાં આવકમાં વધારો હોઈ સિલક (એ.બી.)	૯,૩૬,૬૧,૫૬૫.૦૫	૫,૦૮,૮૦,૮૩૫.૮૬
કોર્પસ ફંડમાં તબદીલ	૯,00,00,000,00	૪,૯૯,૯૩,૬૬૯.૪૮
સામાન્ય અનામત ખાતે તબદીલ	૩૬,૬૧,૫૬૫,૦૫	૮,૮૭,૧૬૫.૩૮
સિલક ફાજલ હોઈ સરવૈયામાં તબદીલ	0.00	0.00

જોડાણ - ૧

આયોગનું આંતરિક માળખું

ક્રમ નં.	જગ્યાનું નામ	મંજુર કરેલ જગ્યા ની સંખ્યા	ભરેલી જીવાઓની સંખ્યા			ખાલી જગ્યાઓ
			પ્રતિનિયુક્તિ પર	કોન્ટ્રાક્ટ પર	કાયમી ધોરણે	
૧	સચિવ	૧	૧	૦	૦	૦
૨.	સંયુક્ત નિયામક	૨	૦	૦	૧	૧
૩.	કાનુની સલાહકાર	૧	૧	૦	૦	૦
૪	નાયબ નિયામક	૫	૨	૦	૦	૩
૫	હિસાબી અધિકારી	૧	૧	૦	૦	૦
૬.	માહિતી ટેકનોલોજી મેનેજર	૨	૦	૦	૦	૨
૭	અંગત મદદનીશ	૫	૧	૦	૪	૦
૮	વહીવટી એક્ઝીક્યુટીવ	૬	૨	૦	૨	૨
૯	ડ્રાઈવર કમ એટેન્ડન્ટ	૫	૦	૦	૫	૦
૧૦.	પટ્ટાવાળા	૪	૦	૦	૪	૦

જોડાણ - ૨

આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ



જોડાણ - 3

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી

ક્રમ	વિનિમયનું નામ	જાહેરનામા નંબર	જાહેરનામાની તારીખ
૧	સ્ટાફ સર્વિસ	એકસ્ટ્રા નં. - ૫૫	૧૯-૭-૨૦૦૧
૨	કામકાજની વ્યવસ્થા	૦૨/૨૦૦૪	૨૫-૮-૦૪
૩	ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે ઓમ્બુડઝમેનની સ્થાપના	૩/૨૦૦૪	૨૫-૮-૦૪
૪	ગ્રાહકોના ફરિયાદના નિવારણ માટે ફોરમની સ્થાપના	૪/૨૦૦૪	૨૫-૮-૦૪
૫	ગ્રિડ સંકેત	૫/૨૦૦૪	૨૫-૮-૦૪
૬	વિતરણ સંકેત	૬/૨૦૦૪	૨૫-૮-૦૪
૭	અપીલ સત્તાધિકારી વિનીયમો સમક્ષ અપીલ કરવા માટેની કાર્યપદ્ધતિ	૧/૨૦૦૫	૭-૧-૦૫
૮	પ્રવાહનું લાઈસન્સ આપવું	૨/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૯	વિદ્યુત વેપારનું લાઈસન્સ આપવું	૩/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૦	વિદ્યુત વિતરણનું લાઈસન્સ આપવું	૪/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૧	એસએલડીસી. વિનિયમોથી ફી અને ચાર્જ નાંખવા અને ઉઘરાવવા	૫/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૨	ફી, દંડ અને ચાર્જ વિનિયમો	૬/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૩	વીજશક્તિ વ્યવસ્થાનાં ધોરણ	૭/૨૦૦૫	૩૦-૩-૨૦૦૫
૧૪	સલામતી અનામત વિનિયમો	૮/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૫	પુરવઠો પૂરો પાડવામાં કરેલ ખર્ચ અને પરચૂરણ ચાર્જ વસુલ કરવા લાઈસન્સદારની સત્તા	૯/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૬	વિતરણ લાઈસન્સદારની કામગીરીનું ધોરણ	૧૦/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૭	વિદ્યુત પુરવઠા સંકેત અને તેને લગતી બાબતો	૧૧/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૮	ટેરિફની શરતો	૧૨/૨૦૦૫	૩૧-૩-૨૦૦૫
૧૯	ખુલ્લી ઉપલબ્ધતા (ઓપર એકસેસ)	૧૩/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૨૦	સલાહકારની નિમણૂંક	૧૪/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૨૧	વિતરણ લાઈસન્સદાર દ્વારા સહ-ઉત્પાદન અને રીન્યુ કરવા પાત્ર સંકેતમાંથી વીજ શક્તિની પ્રાપ્તિ	૧૫/૨૦૦૫	૨૯-૧૦-૨૦૦૫
૨૨	વિદ્યુત પુરવઠા સંકેત અને સંબંધિત બાબતો (પ્રથમ સુધારો)	૧૧/૨૦૦૫	૧૪-૧૨-૨૦૦૫
૨૩.	વિદ્યુત પુરવઠા સંકેત અને સંબંધિત બાબતો (દ્વિતીય સુધારો)	જી.ઈ.આર.સી./ ટેક-૧/૨૨૯૬/૨૦૦૬	૨૬-૧૦-૨૦૦૬
૨૪	વિતરણ સંકેત (પ્રથમ સુધારો)	જી.ઈ.આર.સી./ ટેક-૧/૨૨૯૬/૨૦૦૬	૨૬-૧૦-૨૦૦૫
૨૫	બહુવર્ષીય ટેરીફ માળખું	૧/૨૦૦૭	૨૦-૧૨-૨૦૦૭

જોડાણ - ૪

૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ પીટિશનની વિગતો

ક્રમ નં.	પીટિશન નં.	દાખલ કરનાર	વિષય
૧	૬૬-૨૦૦૨	સર્ચ કેમિકલ લિ. વિ. ગુ.ઉ.વી.નિ.લિ.	૦.૮ પી.એફ. કે ઓછા રિએક્ટિવર પાવર પુરવઠામાં કહેવાતી નિષ્ફળતા માટે વીજ પુરવઠા બિલમાંથી બાદ કરાયેલ દંડ રદ કરવા બાબત
૨.	૮૭૨-૨૦૦૬	ગુ.ઉ.વિ.નિ.લિ. વિ. જી આઈ પી સી એલ	વીજ ખરીદી સમજૂતિના અર્થઘટન અને અમલ અંગે વિવાદ
૩	૮૭૩-૨૦૦૬	ગુ.ઉ.વિ.નિ.લિ. વિ. ઈ.પી.એલ.	વીજ ખરીદી સમજૂતિના અર્થઘટન અને અમલ અંગે વિવાદ
૪	૮૭૪-૨૦૦૬	ગુ.ઉ.વિ.નિ.લિ. વિ. જી.પી.ઈ.સી.એલ	વીજ ખરીદી સમજૂતિના અર્થઘટન અને અમલ અંગે વિવાદ
૫.	૯૨૧-૨૦૦૭	ગુજરાત સરકાર વિ. મિરોલી પિયત સહકારી મંડળી અને અન્ય	ખેતીના હેતુ માટે હાઈટેન્શન કૃષિ ગ્રાહકો માટે અલગ પ્રશુલ્ક નક્કી કરવા બાબત
૬	૯૨૮-૨૦૦૭	ગુ.ઉ.વિ.નિ.લિ. રિવ્યૂ પીટિશન	ઓર્ડર નં. ૧-૦૭ ની રીવ્યુ અરજી
૭.	૯૩૨-૨૦૦૮	દ.ગુ.વી.કં.લિ. વિ. પશ્ચિમ રેલ્વે	પીટિશન નં. ૨૯૧-૨૦૦૩માં તા. ૨૫-૦૬ ૨૦૦૯ના આયોગના પ્રશુલ્ક આદેશના ફકરા ૧૫.૧ અન્વયે શરતનું સ્પષ્ટીકરણ
૮	૯૩૪-૨૦૦૮	IWPA વિ ગુઉવી.નિ.વિ. અને અન્ય	આયોગના ૨૦૦૫ સાધનો અંગેના વિનિયમમાંથી વિજળી પ્રાપ્તિ જોગવાઈઓના અમલ માટે
૯	૯૩૫-૨૦૦૮	ગુજરાત સરકાર EPD વિ TPL	કૃષ ગ્રાહકો માટે પ્રશુલ્કની મંજૂરી ઓ ટોરન્ટ પાવર લિમિટેડ, અમદાવાદની સહાયકીની રકમ
૧૦.	૯૩૬-૨૦૦૮	જેટકો	સ્પર્ધાત્મક RFQ દસ્તાવેજની મંજૂરી બાબત
૧૧.	૯૩૭-૨૦૦૮	ગુજરાત ફલોરો કેમિકલ્સ લિમિટેડ વિ. ગુઉવિ.નિ.લિ.	આયોગે તા. ૧૧-૮-૨૦૦૬ ના આદેશ અન્વયે નિયત કરેલ નવીનીકરણમાં ઉર્જાની ખરીદીની વિશેષ વિગતોની સમીક્ષા અને કાર્યાન્વિત આંતર રાજય અને બીજા વ્યવસ્થા તંત્ર દ્વારા યુ. આઈ. દરે પવન ઉર્જા જનરેટરમાંથી વીજળી લેવાની છુટ આપવા બાબત.

૧૨.	૯૩૮-૨૦૦૮	મોર્ડન ટયુબ ઈન્ડસ્ટ્રીઝ લિ. વિ. ગુ.ઉ.વી.નિ.લિ. અને અન્ય	પવન ઉર્જા પરિયોજનાઓ માટે વીજ ખરીદી સમજૂતિનું સ્પષ્ટીકરણ
૧૩.	૯૩૯-૨૦૦૮	ટી.પી.એલ.	૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ની નિયંત્રણ મુદત માટે એમ.વાય.ટી. પિટીશન
૧૪.	૯૪૦-૨૦૦૮	ગુ.ઉ.વિ.નિ.લિ.	બાયોમાસ ગેસીફિકેશન દ્વારા વીજ ઉત્પાદન માંથી વિતરણ પરવાનેદાર દ્વારા વીજ પ્રાપ્તિ માટે પ્રશુલ્ક અંગેના તા. ૧૭-૮-૨૦૦૭ના આદેશ નં. ૨-૨૦૦૭ ની સમીક્ષા
૧૫.	૯૪૨-૨૦૦૮	યુરો સોલર પાવર પ્રા. લિમિટેડ વિ. પ.ગુ.વી.કં.લિ.	ગ્રિડ આંતરસક્રિય ફોટો વોલ્ટેક ઉર્જા આધારિત સૌર વીજ પ્લાન્ટ માટે ઉત્પાદન આધારિત ઉત્તેજન માટે નવી અને નવીકરણપાત્ર ઉર્જા મંત્રાલય ની નિતી વિષયક માર્ગ દર્શન સુચનાઓ અનુસાર પ્રશુલ્ક નક્કી કરવું.
૧૬.	૯૪૩-૨૦૦૮	ગુ.રા.વી.નિ.લિ.	૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧ નો નિયંત્રણ મુદત માટે પીટિશન
૧૭.	૯૪૪-૨૦૦૮	જેટકો	ઉપર મુજબ
૧૮.	૯૪૫-૨૦૦૮	ઉ.ગુ.વી.નિ.લિ.	ઉપર મુજબ
૧૯.	૯૪૬-૨૦૦૮	દ.ગુ.વી.નિ.લિ.	ઉપર મુજબ
૨૦.	૯૪૭-૨૦૦૮	મ.ગુ.વી.નિ.લિ.	ઉપર મુજબ
૨૧.	૯૪૮-૨૦૦૮	પ.ગુ.વી.નિ.લિ.	ઉપર મુજબ
૨૨.	૯૫૦-૨૦૦૮	વી.કે. ઠક્કર વિ મ.ગુ.વી.નિ.લિ.	મ.ગુ.વી. કંપની લિમિટેડ ઔદ્યોગિક જોડાણ માટે વાણિજિયક પ્રશુલ્ક લાગુ પાડીને ખર્ચની ગેરકાયદેસર વસૂલાત.
૨૩.	૯૫૧-૨૦૦૮	નવરંગ પ્લાસ્ટિક વિ. મ.ગુ.વી.કં.લિ.	મ.ગુ.વી.નિ.લિ. દ્વારા લાઈન બાંધકામ ખર્ચની ખોટી વસૂલાત અને બિલ આખરી રીતે ન કરવું તથા રકમ પરત ન કરવી.
૨૪.	૯૫૩-૨૦૦૮	સાગર સ્ટોનેક્ષ વિ.	ટોરન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ દ્વારા વીજળી જોડાણને ટોરન્ટ પાવર લિમિટેડ મંજૂરી આપવા બાબત.
૨૫.	૯૫૫-૨૦૦૮	ગુજરાત સરકાર વિ. ગુ.ઉ.વિ.નિ.લિ.	જાન્યુઆરી ૨૦૦૮ થી માર્ચ ૨૦૦૮ અને એપ્રિલ ૨૦૦૮ થી જૂન ૨૦૦૮ કૃષિ વપરાશ સિવાયના વપરાશ પર લાગુ પડતા બળતણ ભાવ વીજ ખરીદી સમાયોજન ના આંશિક હિસ્સા પેટે રાજય સરકાર દ્વારા ગુ.ઉ.વિ.કં.લી. ને આપવાની સહાયકીની મંજુરી.

૨૬.	૯૫૭-૨૦૦૮	સાલ સ્ટીલ લિ. વિ. એસ. એસ. ડી.સી.	ખુલ્લા પ્રવેશ મારફત ઈન્ડિયન એનર્જી એક્ષચેન્જની વીજળી વેચાણ કરવાની પરવાનગી અને મંજુરી
૨૭.	૯૫૮-૨૦૦૮	શાહ એલોઈઝ વિ. એસ. એલ. ડી.સી.	ઉપર મુજબ
૨૮.	૯૬૦-૨૦૦૯	વેલ સ્પન ગુજરાત સ્થળ રોહરેન લિમિટેડ વિ. પ.ગુવી.નિ.લિ.અને. અન્ય	ખુલ્લા પ્રવેશની મંજુરી બાબત

જોડાણ - ૫

૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ અપીલોની વિગતો

ક્રમ નં.	અપીલ નં.	કોના દ્વારા દાખલ કરેલ	વિષય
૧	૬૨-૨૦૦૮	પ.ગુવી.નિ.લિ. વિ. ચોઈસ સેનિયટી વેર	વીજળી નિરીક્ષક, ભાવાગરના આદેશ સામે અપીલ
૨.	૬૩-૨૦૦૮	પાચલ ટિવસ્ટર્સ વિ. વીજળી નિરીક્ષક દ.ગુવી. કં.લિ.	વિજળી નિરીક્ષક સૂરતના આદેશ સામે અપીલ

જોડાણ - ૬

૨૦૦૮-૦૯ દરમિયાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગતો

ક્રમ નં.	અપીલ નં.	કોના દ્વારા દાખલ કરાયેલ	વિષય
૧	૦૪-૨૦૦૯	સાલ સ્ટીલ લિમિટેડ વિ. એસ.એલ.ડી.સી.	આયોગે ૨૦૦૮ ની પીટિશન નં. ૯૫૭ માં આપેલ આદેશોને અમલ ન કરવા માટેની અરજી
૨.	૦૫-૨૦૦૯	શાહ સેલોઈઝ લિ. વી. એસ.એલ.ડી.સી.	આયોગે ૨૦૦૮ ની પીટિશન નં. ૯૫૮ માં આપેલ આદેશોને અમલ ન કરવા માટેની અરજી

જોડાણ - ૭

૨૦૦૮-૦૯ દરમિયાન વિદ્યુત લોકપાલ કચેરીમાં મળેલ ફરિયાદોનો પ્રકાર

પ્રકાર	સંખ્યા
મીટર/મીટર સંબંધિત પ્રશ્નો	૧૨
જોડાણ/જોડાણ દૂર કરવા / પુર્નજોડાણ બાબતના	૧૫
જોડાણ કરેલ વીજભાર વિસ્તારણ/વધાર સંબંધિત પ્રશ્નો	૦૬
પ્રશુલ્ક સંબંધિત પ્રશ્નો	૦૬
બિલને લગતા પ્રશ્નો	૦૨
વિકાસ ખર્ચ માટે પરત કરેલ વ્યાજ જામીન અનામત	૦૧
ચોરીના કેસમાં તેના ખોટો સમય ગાળાનું મૂલ્યાંકન બાબત	૦૧
ગ્રાહક પર છોડેલ માર્ગ મેળવવાની જવાબદારી	૦૧
મુખ્યત્વે ખંડ નાબૂદ કરવા કરેલી વિનંતી	૦૧
સરવાળો	૫૧

જોડાણ - ૮

૨૦૦૮-૦૯ દરમિયાન ફરિયાદ નિવારણ ફોરમના હુકમો સામે વિદ્યુત લોકપાલ કચેરીને મળેલ રજૂઆતોની સંખ્યા

ફરિયાદ નિવારણ ફોરમનું નામ	વિદ્યુત લોકપાલને મળેવી રજૂઆતોની સંખ્યા
ટોરન્ટ પાવર લિમિટેડ (અમદાવાદ)	૦૬
દ.ગુ.વી.કં.લિ.	૦૪
પ.ગુ.વી.કં.લિ.	૧૫
મ.ગુ.વી.કં.લિ.	૦૫
ઉ.ગુ.વી.કં.લિ.	૦૭
પ.ગુ.વી.કં.લિ. (ભૂજ)	૦૪
પ.ગુ.વી.કં.લિ. (રાજકોટ)	૦૮
ટોરન્ટ પાવર લિમિટેડ (સુરત)	૦૨

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Library
No.









ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. ગુજરાત.

Design by 'Sobhagya', Ph.: 079 - 26584264